આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month


# ઘરશાળા

સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૫ • અંક : ૩

સળંગ અંક : ૧૦૧૫

જૂન-૨૦૨૫



# શાંતીકુમાર કોઠારી વિદ્યાલય (બાલભારતી), અસારવા ખાતે દ્વિ દિવસીય શૈક્ષણિક શિબિર - ૨૦૨૫

સરસ્વતી વિદ્યામંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓના કર્મયોગીઓનું વ્યક્તિત્વ વિકસે અને રોજીંદા કાર્યોમાં નવા અભિગમો કેળવાય તે હેતુસર તા. ૨ અને ૩ મે ૨૦૨૫ના રોજ દ્વિ દિવસીય શૈક્ષણિક શિબિર ‘‘શાંતીકુમાર કોઠારી વિદ્યાલય (બાલભારતી)’’ અસારવા ખાતે યોજાઈ ગઈ. શિબિરના શુભારંભ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે સરસ્વતી વિદ્યામંડળના ચેરમેન જસ્ટીસ શ્રી રવિ ત્રિપાઠી, મંત્રીશ્રી જ્યોતીન્દ્રભાઈ દવે સરસ્વતી વિદ્યામંડળના ટ્રસ્ટીઓ તથા અન્ય આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત મંગલગીત થકી કરવામાં આવી. મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય દ્વારા શિબિરનો શુભારંભ થયો. પ્રસંગને અનુરૂપ પ્રાસંગિક ઉદ્‌બોધન શ્રી જ્યોતીન્દ્રભાઈએ કર્યું.




જસ્ટીસશ્રી રવિકુમાર ત્રિપાઠી
ચેરમેન - સરસ્વતી વિદ્યામંડળ
શિક્ષણમાં રાજ્ય સરકારની ભૂમિકા



શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે
ચેરમેન - સરસ્વતી વિદ્યામંડળ
શિક્ષણમાં રાજ્ય સરકારની ભૂમિકા



શ્રી જસુબેન પટેલ
આચાર્યા - સરસ્વતી બાલવિહાર
મારા બાલમંદિરની સફળતા



શ્રી તૃપ્તિબેન ત્રિવેદી
આચાર્યા - અસારવા વિદ્યાલય
શાળાની પ્રાર્થનાસભા













# ઘરશાળા

વર્ષ : ૮૫

સળંગ અંક : ૧૦૧૫ | જૂન - ૨૦૨૫



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| સહતંત્રી : | અશોકભાઈ સોમપુરા |
| વ્યવસ્થા અને સંકલન : | કે. ડી. પટેલ |
| પરામર્શ : | અમિતાબહેન પાલખીવાલા |


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.


-: ઘરશાળા કાર્યાલય સરનામું :-

સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮

ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩


## અનુક્રમ


મારા ઘરની વિભાવના /૪

સંપાદકીય : શાળાઓમાં નવા વર્ષનો પ્રારંભ — અશોક સોમપુરા /૫

આઈ'મ પેઇડ ફોર ઇટ! — ઈશ્વર પરમાર/૭

તમાચો — ગિરિમા ઘારેખાન/૧૫

બે વિદ્યાર્થીઓ — ફાધર વાલેસ/૨૦

આઝાદીના ગર્ભમાં રહેલા નવરસ — અમિતાબેન પાલખીવાલા/૨૩

નિબંધ લેખનનું શિક્ષણ — ડૉ. ઈશ્વર વાઘેલા/૨૯

વિદેશમાં જોખમી બનતો અભ્યાસ — પ્રવીણ ક. લહેરી/૩૨

શિક્ષણ સમાચાર — અશોક સોમપુરા/૪૧



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication


## લવાજમ અંગેની માહિતી

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વૉટ્સઅપ દ્વારા મોબાઇલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.

| લવાજમ | ભારત | પરદેશ |
|---|---|---|
| વાર્ષિક | ₹ ૨૦૦ | ₹ ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ ૫૦૦ | ₹ ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ ૮૫૦ | ₹ ૮૫૦૦ |

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઓફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

## મારા ઘરની વિભાવના

એક નાનકડા કુટુંબને મારી સંભાળમાં મૂકી મારામાં તેં વિશ્વાસ
પ્રગટ કર્યો છે, પ્રભુ! એ માટે હું તારો આભાર માનું છું.
એ વિશ્વાસને હું ઊજળો રાખી શકું એવા મને આશીર્વાદ આપ.
અને મને હૃદયની એ મોટપ આપ, પ્રભુ!
કે નાનકડા ઘરને હું કિલ્લોલતું રાખું, મારી કોઈ જિદ્દ
હઠાગ્રહ કે સ્વભાવની ઉણપથી
ઘરના શાંતિ અને આનંદ ખંડિત ન કરું.
ઘરના લોકોને પ્રસન્ન રાખવાની મારી જવાબદારી નિભાવી શકું.
અને પ્રેમની એવી શક્તિ આપ, પ્રભુ!
કે એક એવા ઘરનું હું સર્જન કરું -
જ્યાં કોઈને કોઈનો બોજ કે દબાણ ન હોય
જ્યાં ફૂલોની જેમ સૌ ખીલે અને સંગીતની જેમ સંવાદી રહે
જ્યાં સહુને મુક્ત અભિવ્યક્તિનો અવકાશ હોય
જ્યાં સ્વતંત્રતા અને જવાબદારી વચ્ચેની
સમતુલા જળવાતી હોય.
જ્યાં સહુને એકબીજાનો આધાર અને હૂંફ હોય,
જ્યાં નાના બાળકોથી માંડી પરિચારકો સુધી,
સહુના વ્યક્તિત્વનું સમ્માન થતું હોય,
જ્યાં શ્રીમંતમાં શ્રીમંત અને અકિંચનમાં અકિંચન મહેમાનનો
સમાનભાવે સત્કાર થતો હોય.

('પરમ સમીપે' માંથી સાભાર)

# સંપાદકીય

અશોક સોમપુરા

## શાળાઓમાં નવા વર્ષનો પ્રારંભ

શાળાઓમાં નવા સત્રનો પ્રારંભ જૂન માસમાં થાય છે. શાળાઓ ફરી શરૂ થાય એટલે મા-બાપો રાહત અનુભવે છે. કે હાશ! બાળકોની કચ-કચ અને ધમાલ-મસ્તીથી છૂટ્યા. પરંતુ આ વેકેશનનો સમયગાળો બાળકો માટે ખૂબ કિંમતી હોય છે. શાળાકીય અભ્યાસ, ઘરકામ, ટ્યુશનના ભારથી તેઓ મુક્ત થાય છે. આ સમય તેમના માટે સોનેરી હોય છે. રજાઓ દરમિયાન તેમને ઘણા નવાં અનુભવો થાય છે. આ દિવસનું વિશેષ મહત્વ એટલા માટે પણ હોય છે કે બાળક પોતાની મનગમતી પ્રવૃત્તિ, રમત-ગમત અને હરવા-ફરવા જાય છે. આ દિવસો દરમિયાન તેમને કોઈ નિયમ કે બંધનો નડતા નથી. દરેક પ્રવૃત્તિ કરવા તે પોતે સ્વતંત્ર હોય છે અને આ માટેનો જરૂરી નિર્ણય પણ તેણે જ લેવાનો હોય છે. પોતે જ લીધેલા નિર્ણય પ્રમાણે તેને વર્તવાનું, રહેવાનું આવે છે ત્યારે તેનામાં ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધે છે. સારા કે કેટલાક અઘરા નિર્ણયો કેવી રીતે લેવા તેની તેનામાં ટેવ પડે છે. જે આગળ જતાં તેને ઉપયોગી થઈ પડે છે. વધુમાં તેણે ઈચ્છેલી પ્રવૃત્તિમાં કોઈ અવરોધ આવતો નથી. કારણ કે રજાના સમયે તે પોતે પૂરતી મોકળાશ અને નવરાશનો અનુભવ કરે છે. આના લીધે તે પોતાની મનગમતી પ્રવૃત્તિ તરફ વળે છે. વળી વેકેશનની રજાઓ દરમિયાન તે સંપૂર્ણ ચિંતામુક્ત રહે છે. જે તેની માનસિક સ્થિતિને વધારે બળવાન બનાવે છે. આવી સારી સ્થિતિ તેનામાં હિંમત અને સાહસનો ઉમેરો કરે છે. એટલે જ વેકેશન એ બાળકો માટે આશીર્વાદ સમાન છે.

ઉનાળામાં શાળામાં પડતાં વેકેશનને કેટલાક મા-બાપો નકારાત્મક દૃષ્ટિથી જુએ છે. સવારે મોડા ઉઠે કે પછી રાત્રે મોડા સૂએ એ દરમિયાન દિવસની નાની-મોટી પ્રવૃત્તિમાં તેને રોક-ટોક કરે છે. બાળકો પોતાનાથી દૂર રહે તે માટે કોચિંગ ક્લાસ, કરાટે કે પછી અન્ય ક્લાસીસમાં તેને મોકલી દે છે. ક્યારેક મામા-માસીના ઘરે કે નાના મોટા પ્રવાસોમાં બાળકોને મોકલી મા-બાપ શાંતિ અનુભવે છે. વેકેશન દરમિયાન બાળકો પાસે ભણવાની જવાબદારી હોતી નથી. આથી જ્યારે તેઓ મા-બાપ પાસે કોઈ ચીજ-વસ્તુ કે રમતના સાધનોની માંગણી કરે તે તેમને ગમતું નથી. હા અને ના વચ્ચેના સંઘર્ષો જોવા મળતા હોય છે.

વેકેશન પૂરું થવાનો સમય નજીક આવતો જાય તેમ મા-બાપ રાહત અનુભવે છે. શાળાએ મોકલવા માટેની તૈયારીઓ શરૂ થાય છે. તેને નવાં પુસ્તકો-નોટબુકો-ચોપડાઓ-દફતર અને સ્ટેશનરી લાવી આપે છે. આ બધું મેળવી બાળક રાજી થાય છે અને તેના ઉત્સાહમાં વધારો થાય છે. તેનો આ ઉત્સાહ ટકી રહે તે માટે તેની કોઈપણ અયોગ્ય હરકત માટે શાળાનો, શિક્ષકોનો કે અન્ય કોઈ બાબતનો ડર બતાવવામાં આવે તો તેનામાં નિરાશાનું તત્ત્વ આવી જાય છે. પરિણામે

જાણે-અજાણે તે આવી બાબતોથી ડરતો થઈ જાય છે. બાળકને શાળા માટે મમતા અને આદર થાય એવા દરેક પ્રયત્નો મા-બાપે કરવા આવશ્યક છે. કેમ કે બાળક શાળાએ ભણવા-જ્ઞાન મેળવવા જાય છે. આવા અનેક પ્રયત્નો જુદી જુદી રીતે મા-બાપ કરી શકે. ખાસ કરી શાળા-શિક્ષક સાથેના સંવાદભર્યા સંબંધો બાળક અને શાળા એ બન્ને પક્ષ માટે ઉપકારક નીવડે છે.

શાળા એ દરેક વિદ્યાર્થીને જ્ઞાન અને સંસ્કાર આપનારી સંસ્થા છે. એ વાત દરેક મા-બાપે સમજવી જરૂરી છે. આથી શિક્ષણકાર્યના દરેક પાસાં બાળક માટે ઉપયોગી અને રાહત આપનારા બની રહે તે મા-બાપે વિચારીને શાળાના દરેક કામમાં સહયોગ આપવો ઈચ્છનીય છે. માત્ર બાળકને અભ્યાસ માટેની ભૌતિક સુવિધા પૂરી પાડી દેવાથી જવાબદારી પૂરી થતી નથી. આજના સમયમાં બાળકના વિકાસની જવાબદારી શિક્ષણ સંસ્થાઓની જ છે એ માન્યતાએ ભારે જોર પકડ્યું છે. જે યોગ્ય નથી. વાલી પોતાનાના ધંધા-વ્યવસાયમાં જેટલું ધ્યાન આપે છે, તેટલું ધ્યાન આ બાબતે આપે તો શાળા-શિક્ષક અને વિદ્યાર્થીના દરેક કામમાં સરળતા પ્રવેશે છે. સહકાર આપનારા આવા મા-બાપ કે વાલીઓને સમૂહ શિક્ષણકાર્યનું સફળતાની ટોચ ઉપર પહોંચાડે છે.

શાળા સાથેનો હકારાત્મક સહકાર શિક્ષકોમાં પણ ઉત્સાહ વધારશે. જે બાળકો માટે સર્વથા લાભદાયી બની રહેશે.

**નવા વર્ષે શાળાઓની તૈયારી :**

કેટલીક સારી શાળાઓ વેકેશન દરમિયાન અભ્યાસક્રમ, શાળાની વિવિધ પ્રવૃત્તિઓ, તહેવારોની ઉજવણી અને પરીક્ષા અંગેની વિવિધ બાબતો અંગે ગંભીરતાથી આયોજન કરતી હોય છે. શાળાના રમતના મેદાનો, પ્રયોગશાળા વગેરે બાબતો અંગે પણ વિચાર કરતી હોય છે.

માધ્યમિક શાળામાં અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓનું ભાવજગત સાવ અનોખું હોય છે. તેઓ આ સમયે કિશોરાવસ્થામાં હોય છે. તેમની માનસિક સ્થિતિ પરિપક્વ થવાની દિશામાં આગળ વધતી હોય છે. ત્યારે તેને સંભાળી લેવું એ ખૂબ જરૂરી બની રહે છે. આથી જ જ્યારે તે શાળામાં પ્રવેશ કરે ત્યારે તેને શાળા નવી લાગે. તેને શાળાના વર્ગખંડો, મેદાનો અને સમગ્ર પરિસર ખૂબ સારા આશ્ચર્ય સાથે આનંદ આપનારું બની રહે તે ખૂબ ઈચ્છવા જોગ છે. આ સાથે પોતાના નવા દોસ્તારો અને શિક્ષકોનો પણ તેને પૂરતા સહકાર સાથે પ્રેમ મળે તો બાળકમાં શાળા માટે મમતા જાગે છે. તેના વિચારોમાં આત્મવિશ્વાસનો ઉમેરો થાય છે. આથી દરેક શાળા આ માટે પૂરતા પ્રયત્નો કરે તો તે વિદ્યાર્થી, વાલી અને શિક્ષક માટે ઉપયોગી પુરવાર થાય છે. આવી સ્થિતિ તેના સમગ્ર વર્ષ દરમિયાનના ભણતરમાં સતત કામ લાગે છે. જે તેને ખૂબ રાહત અને સંતોષ આપે છે.

તો આવો, આપણે સૌ ફરી શાળા શરૂ થઈ છે ત્યારે બાળકમાં ઉત્સાહ અને ઉમંગનો સંચાર કરીએ, તેમજ શાળા માટે આદર થાય તેવા પ્રયત્નોને વધારે સક્રિય બનાવીએ અને એ રીતે આપણે બાળકના વિકાસ અને શિક્ષણકાર્યમાં મદદરૂપ બનીએ.

# આઈ'મ પેઈડ ફોર ઈટ!

- ઈશ્વર પરમાર

મારા વંદનીય પ્રોફેસર એસ. એમ. ભાવે પીએચ.ડી. કક્ષાના અભ્યાસ માટે જર્મની ગયેલા. સને ૧૯૪૦ના ગાળામાં. જર્મની જઈને એમણે મહાભારતના અશ્વમેધ પર્વ ઉપર કામ કર્યું હતું. તેઓ ત્યાંથી હેતુ સિદ્ધ કરીને પાછા ભારત એટલે કે વડોદરા આવ્યા.

એક દિવસ એમ.એ. સંસ્કૃતના વર્ગમાં એમણે જર્મનીના એક પ્રેરક અનુભવની વાત કરી તે મુજબ ભાવેસાહેબના અભ્યાસની વ્યવસ્થા તો બરાબર ગોઠવાઈ ગઈ હતી પણ એમના માર્ગદર્શક ને સંસ્કૃતના પ્રોફેસર જર્મન હતા. હવે ભાવેસાહેબને જર્મન ભાષા આવડે નહીં અને બધા જ જર્મન-ભાષી પ્રોફેસરોને અંગ્રેજી આવડે એવું પણ નહીં! અભ્યાસ માટે અનિવાર્ય કહેવાય તેવા કેટલાક ગ્રંથો પણ ત્યાં અંગ્રેજીમાં ન મળે; એ પણ જર્મન ભાષામાં છપાયેલા હોય. છેવટે એક એવો જરૂરતમંદ યુવાન વિદ્યાર્થી મળી આવ્યો ખરો કે જે જર્મન તેમજ અંગ્રેજી ભાષા જાણતો હતો. એ યુવાન જર્મન પ્રોફેસરોનાં સૂચનોનો સાર ભાવેસાહેબને કહેતો. જર્મન ગ્રંથોમાંથી જરૂરી અંશોના અંગ્રેજીમાં અનુવાદ પણ કરી આપતો. ભાવેસાહેબ તેને નિયત મહેનતાણું આપતા રહેતા.

એક વખત પ્રોફેસર ભાવેસાહેબે જોયું કે એ યુવાન દોઢેક કલાકથી ગ્રંથાલયમાં ગૂંચવાયો છે. એક ગ્રંથ લે, તપાસીને તરત પાછો મૂકે; ને બીજો ગ્રંથ લઈ તેમ કરે; પછી ત્રીજો... ચોથો... પાંચમો... છેવટે ભાવેસાહેબથી રહેવાયું નહીં તેથી પૂછ્યું, ''તું ક્યારનોય શું શોધ્યા કરે છે?'' યુવાન કહે : ''એક જર્મન શબ્દનું અંગ્રેજી શોધી રહ્યો છું. શબ્દો મળે તો છે પણ મને તેનાથી પૂરો સંતોષ થતો નથી, તેથી ગ્રંથો ઉથલાવું છું.'' ભાવેસાહેબે તેને કહ્યું, ''અરે ભલા માણસ, એક શબ્દ માટે આટલો બોજો શા માટે લે છે? હું તો જર્મની જાણતો નથી. તું ગમે તે શબ્દ મૂકીશ તો પણ મને તેના અર્થની ખબર પડવાની નથી. તને ઠીક લાગે તે શબ્દ મૂકી દે. આવડી માથાઝીક શાની?' યુવાને બીજો ગ્રંથ હાથમાં લઈને જવાબ આપ્યો, ''નો, આઈ'મ પેઈડ ફોર ઈટ!''

''બસ, ભાવેસાહેબે કહેલ એ જર્મનીના યુવકનો કિસ્સો મને સ્પર્શી ગયો. એક અદના શિક્ષક તરીકે એ નિષ્ઠા મુજબ, મારા એંસી વરસની આવરદા દરમિયાન પૂરાં પંચાવન વરસ જીવવાનો પ્રયાસ કર્યો છે મેં; અને એનો સંતોષ છે મને, પોતાને મળતા મહેનતાણાનું - પગારનું - પૂરું વળતર તો આપવું જ જોઈએ ને?''

આવો સંતોષનો શ્વાસ લઈ શકતા નિવૃત્ત મહારાષ્ટ્રીયન અધ્યાપક શ્રી રામચંદ્ર

દેવપુરકરની શૈક્ષણિક સિદ્ધિઓ, પ્રદાન અને નિષ્ઠા બાઅદબ સલામીને પાત્ર!

એમનાં માતા મથુરાબાઈ; પિતા ત્ર્યંબકભાઈ. જન્મસ્થળ : અમરેલી (સૌરાષ્ટ્ર); જન્મતારીખ : ૨૫-૧-૧૯૧૬. વડોદરા રાજ્યના તલાટી તરીકે નોકરી કરતા પિતાજી નવ માણસોના કુટુંબનું માંડ ભરણપોષણ કરતા હતા અને બાળકોને ભણાવતા હતા.

વીસમી સદીની શરૂઆતમાં વડોદરા રાજ્ય શિક્ષણક્ષેત્રે પ્રગતિશીલ હતું. તે રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ બધાં બાળકો માટે મફત ને ફરજિયાત હતું. વડોદરા રાજ્યના અમરેલી પ્રાંતમાં અમરેલી, દામનગર, ધારી, કોડીનાર, બેટ (શંખોદ્ધાર), દ્વારકા વગેરેનો સમાવેશ થતો હતો.

વડોદરા રાજ્યની લશ્કરી પલટણનું થાણું જ્યાં હોય ત્યાં મરાઠીભાષી બાળકો માટે મરાઠી શાળા ચાલતી. છ વર્ષના રામચંદ્રે તીર્થધામ દ્વારકાની તત્કાલીન મરાઠી શાળામાં ભણવાની શરૂઆત કરી. (૧૯૨૨)

દ્વારકાથી પિતાજીની બદલી કોડીનાર થઈ. તે ગામમાંથી પલટણનું સ્થળાંતર થઈ ગયું હતું. તેથી ત્યાં મરાઠી શાળા ન હતી. રામચંદ્રે કોડીનાર જઈને ગુજરાતી શાળામાં બીજા ધોરણની પરીક્ષા આપી પણ પાસ ન થવાયું. એ વખતે એ બાળકને ગુજરાતીમાં બોલતાંય આવડતું ન હતું. પછી તો ફાવી ગયું.

કોડીનારમાં તે વખતે નાયબ સૂબેદાર તરીકે બળવંત શ્રીધર ભાવે હતા. એમણે કિશોર રામચંદ્રમાં રસ લઈને શ્રી ગણેશ અથર્વશીર્ષ અને ગીતાનો બારમો અધ્યાય મોઢે કરાવ્યો હતો. તે સમયથી રામચંદ્રને સંસ્કૃત ભાષા અને સાહિત્યમાં રસ ઉત્પન્ન થયો.

કોડીનારમાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને માધ્યમિક શિક્ષણ માટે રામચંદ્રને વડોદરાની સયાજીરાવ હાઈસ્કૂલમાં દાખલ કરવામાં આવ્યો. પછી આર્થિક સંજોગવશ તેને અમરેલીની સરકારી હાઈસ્કૂલમાં દાખલ કરાયો. અહીંની બ્રાહ્મણ બોર્ડિંગમાં રહીને એણે ઓગણીસ વર્ષની વયે મેટ્રિકની પરીક્ષા પાસ કરી. (૧૯૩૫)

હવે ઉચ્ચ અભ્યાસ માટે વડોદરા જવું પડે. કુટુંબની આર્થિક સ્થિતિ તે માટે સાથ આપે તેવી ન હતી. તે વિદ્યાનગરીમાં કેટલાક ગરીબ વિદ્યાર્થીઓ માધુકરી (ઘેર ઘેર ફરીને ભિક્ષા મેળવવી) દ્વારા નભતા. સંપન્ન જ નહીં, સામાન્ય મહારાષ્ટ્રીયન પરિવારો પણ તેમને ખૂબ પ્રેમ અને આદરથી મદદરૂપ થતા. કોઈ બ્રાહ્મણ વિદ્યાર્થી અઠવાડિયાના સાતેય દિવસ જુદા જુદા સાત ઘેર જમવા જાય તેવું પણ સહેલાઈથી ગોઠવાતું.

દેવપુરકર પરિવારના પરિચિત સજ્જન બળવંતભાઉ ભાવેએ રામચંદ્રને પૂછ્યું : ‘‘તું જુદે જુદે વારે જુદે જુદે ઠેકાણે જમવા જઈશ? બધાં ઘર સારાં છે. ચીફ જસ્ટિસ દાંડેકર, બીજા વયોવૃદ્ધ સારંગપાણિ, ત્રીજા તાંબેસાહેબ...’’

રામચંદ્ર મૌન રહ્યા.

‘‘- તો તું અન્નછત્રમાં જમીશ?’’

રામચંદ્રે તે માટે હા પાડતાં એમણે જૂની મરાઠી લિપિ (મોડી)માં ચિઠ્ઠી લખી આપી. આમ 'શ્રીમતી યશોદાબાઇ દાંડેકર અન્નછત્ર'માં જમવાનું ગોઠવાઇ ગયું. એક માજીની મહેરથી એમના માટીના ઘરમાં રહેવાનું થઇ ગયું.

અન્નછત્રમાં-બ્રાહ્મણસભાના મકાનમાં રોજ સવારે દસ વાગ્યે ને સાંજે છ વાગ્યે રામચંદ્ર સહિત દસ વિદ્યાર્થીઓ જમવા માટે હાજર થઈ જતા. તેઓને પ્રેમપૂર્વક જમાડાય ને પછી એક પૈસો દક્ષિણા પણ અપાય! એમ મહિને ત્રીસ પૈસા એકઠા થાય. ચોસઠ પૈસાનો એક રૂપિયો...

ખરચો થાય તેવા ખાસ કોઈ શોખ રામચંદ્રને વળગવા પામેલા નહીં. હા, શહેરમાં યોજાયેલ વ્યાખ્યાનો સાંભળવા જાય. એક સ્વામીજીએ એક મહિના સુધી પંચદશી પર વ્યાખ્યાનો આપેલાં તે સાંભળવા રામચંદ્ર તારકેશ્વર મહાદેવના મંદિરે નિયમિત ગયેલ. કૉલેજિયન રામચંદ્રે પાંચ રૂપિયાની સાઇકલ લીધેલી; એક જ વાર ચાર આના ખરચીને ફિલ્મ જોયેલી : 'સત્યવાદી હરિશ્ચંદ્ર!'

કૉલેજ-કાળમાં પરમહંસ રામકૃષ્ણ, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીજી અને સ્વામી રામતીર્થનાં પુસ્તકોની દુનિયામાં રામચંદ્રથી એવા તો ખોવાઇ જવાયું કે અભ્યાસ ઉવેખાઇ ગયો. પરિણામે ઇન્ટરમાં નાપાસ! (૧૯૩૭) નાપાસ થયેલા વિદ્યાર્થીને અન્નછત્રનો લાભ ન મળે. આ બાબતે રામચંદ્ર મૂંઝાવા માંડે તે પહેલાં જ એના મોટાભાઇ તારાનાથની બદલી થવાથી તેઓ કોડીનારથી સપરિવાર વડોદરા આવ્યા. આથી રહેવા-જમવાની સમસ્યા ઉકલી ગઈ. આમ છતાં આર્થિક રાહત માટે, એકવીસ વર્ષની વયે રામચંદ્રે વડોદરાની મૉડેલ હાઇસ્કૂલમાં શિક્ષક તરીકેની પચીસ રૂપિયાના પગારની નોકરી સ્વીકારી. (૧૯૩૭-૩૮) એક વર્ષ પછી ફતેગંજ, વડોદરામાં આવેલ મેથોડિસ્ટ બૉયઝ હાઇસ્કૂલમાં જોડાયા. અહીં પંદરેક વર્ષ (૧૯૩૮-૫૩) શિક્ષક તરીકે ભણાવતા રહ્યા ને ભણતા રહ્યા. જીવનમાં ત્રણેક વર્ષ (૧૯૩૭-૪૦) રામચંદ્રભાઈએ ટ્યૂશન્સ પણ કર્યા. તેઓ સંસ્કૃત વિષય સાથે બીજા વર્ગમાં બી.એ.માં પાસ થયા. (૧૯૪૦)

રામચંદ્રભાઇને બી.એ.ના ફરજિયાત અંગ્રેજીના પેપરમાં ખૂબ સારા ગુણ મળ્યા હતા. તેથી પ્રોફેસર ટિકળે તેને પોતાને ઘેર બોલાવીને એમ.એ.માં અંગ્રેજી રાખવાની ભલામણ કરી; પણ તે સૂચનનો એમણે સવિનય અસ્વીકાર કર્યો.

સંસ્કૃત તો એમની વારસાઇ મિલકત! એમના દાદા કાશીનાથ વામન દેવપુરકર દ્વારકા પાસેના બેટ (શંખોદ્ધાર)ની પાઠશાળામાં ન્યાયશાસ્ત્ર ભણાવતા. એ સમયે ત્યાં વિદ્વાન પ્રાધ્યાપકો સંસ્કૃત પાઠશાળામાં, અલ્પ વેતન લઇને પણ, સંસ્કૃત માધ્યમમાં શીખવ્યાનો આત્મસંતોષ લેતા.

સને ૧૯૪૦-૫૦ના ગાળામાં વડોદરાના હરિજન સેવક સંઘના એક કાર્યકર તરીકે રામચંદ્રભાઇ તત્કાલીન હરિજનવાસમાં નિયમિત જતા. બાળકોને જાહેર નળ પર લઇ

જઈને હાથ-પગ ધોવડાવતા. ઓટલે બેસીને વર્ગ ચલાવતા. વાર્તા કહેતા. ગીતો ગવડાવતા.

તે વર્ગમાંનો એક કિશોર ગટરના કાદવથી ઘૂંટણ લગી ખરડાયેલ પગે આવતો. તેનેય સાફ કરીને રામચંદ્રભાઈ વર્ગમાં બેસાડતા. એ છોકરો સડક પરથી મળેલ કોરા કાગળ પર ચિત્રો દોરતો અને રામચંદ્રભાઈને બતાવતો. એમણે તે કિશોરને કલાભવનમાં પ્રવેશ અપાવ્યો. વખત જતાં તે એવો નામી ચિત્રકાર થયો કે તેનાં ચિત્રોનું પ્રદર્શન વિદેશમાં પણ થયેલું!

રામચંદ્રભાઈ બી.એ. થયા તે વખતે સ્વાતંત્ર્ય-આંદોલન પૂરજોશમાં ચાલતું હતું. તેથી આંદોલિત થઈને એમણે સભા-સરઘસ ને હડતાલોમાં ભાગ લીધો. જ્યુબિલી બાગમાં વીસ વ્યાખ્યાનો આપ્યાં; પત્રિકામાં વીસ લેખો લખ્યા ને વિતરણ કર્યું.

આ વાતાવરણ વચ્ચે એમનો અભ્યાસનો દીવડો તો ટમટમતો જ રહ્યો. તેઓ સંસ્કૃત વિષય સાથે એમ.એ. થયા (૧૯૪૨) કૉલેજકાળમાં એમના પ્રિય અધ્યાપકો હતા : ગોવિંદલાલ ભટ્ટ, એસ. એસ. ભાવે અને અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી.

સને ૧૯૪૫-'૪૬માં મુંબઈમાં આવેલ કબીબાઈ હિંદુ હાઈસ્કૂલમાં એક વર્ષ શિક્ષક તરીકે રહ્યા. તે ગાળે તેઓ કૉંગ્રેસમાં સ્વયંસેવક તરીકેની સેવાઓ આપતા. તે પછી વડોદરે આવી ગયા ને બી.ટી. કર્યું. (૧૯૪૬-૪૭)

નવેમ્બર, ૧૯૪૯માં રામચંદ્રભાઈના પરમ મિત્ર ઈસ્માઈલભાઈ નાગોરી પોંડિચેરીથી પાછા ફરતી વખતે વડોદરા થોભ્યા. એમણે કહ્યું, ''દેવપુરકર, શ્રી અરવિંદ ને શ્રી રમણ મહર્ષિ તો ખર્યાં પાન જેવા કહેવાય. તું એમનાં દર્શન અચૂક કરી આવ.''

ફેબ્રુઆરી '૫૦માં રામચંદ્રભાઈ બંને વિભૂતિઓનાં દર્શન કરી આવ્યા. શ્રી અરવિંદ અને તેમના આશ્રમની ચિત્ત પર ઊંડી છાપ પડી; તેમને જીવનની એક નવી જ દિશાનો પરમ દિશાનો સંકેત મળ્યો.

એમનો વિદ્યાપ્રેમ અતૂટ. પ્રા. ગોવિંદલાલ ભટ્ટના માર્ગદર્શન સાથે એમણે સંસ્કૃત વિષયમાં પીએચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કર્યો. (૧૯૫૨) એમનો વિષય હતો : 'ફિલોસોફિકલ ટ્રેન્ડઝ ઈન ધ શાંતિપર્વમ્ ઑફ ધ મહાભારત'

સોળ વર્ષ (૧૯૩૭-૫૩) અલગ અલગ હાઈસ્કૂલોમાં મદદનીશ શિક્ષક તરીકે સેવાઓ આપ્યા બાદ રામચંદ્રભાઈ આચાર્ય થયા. એમણે નર્મદાકિનારે આવેલ શિનોરમાં સાર્વજનિક હાઈસ્કૂલનું સુકાન ત્રણ વર્ષ (૧૯૫૩-૫૬) સંભાળ્યું.

બેતાલીસ વર્ષની વયે, સને ૧૯૫૬માં રામચંદ્રભાઈને તત્કાલીન સૌરાષ્ટ્ર રાજ્યમાં પોરબંદર ખાતેની રામબા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજમાં અધ્યાપક તરીકે નિમણૂક મળી. તેમના મતે આ તેમના જીવનનો સુવર્ણકાળ. (૧૯૫૬-૭૪) આ ગાળા દરમ્યાન કેટલોક સમય એમણે ગૃહપિતા (રેક્ટર) તરીકે પણ સેવાઓ આપી.

પ્રસિદ્ધ કેળવણીકાર પ્ર. ત્રિવેદી તે વખતે પ્રાચાર્યપદે હતા. પ્રા. દેવપુરકરના વિષયો હતા :

સંસ્કૃત, શૈક્ષણિક તત્ત્વજ્ઞાન અને ઇતિહાસ. વર્ગમાંના એમના પ્રભાવી ને વિદ્વતાપૂર્ણ વક્તવ્યમાં હાસ્ય-કટાક્ષ પણ ઝગમગ થયા કરે! એમની વાક્ધારાના ઝરણામાંથી સેંકડો ભાવિ શિક્ષકોએ આકંઠ પ્રેરણા-પાન કરીને ધન્યતા અનુભવી છે.

પ્રાધ્યાપક રામચંદ્ર દેવપુરકર છાત્રાલયમાંના છાત્રો દ્વારા શાકભાજીના વાવેતરની રસભેર દેખરેખ રાખતા. 'સરસ્વતી' સામયિક માટે સુંદર લેખો પણ લખતા. આવી તેવી બધી બાબતે પ્રેરણામૂર્તિ પ્ર. ત્રિવેદી દ્વારા પ્રેરિત-સંચાલિત પોરબંદર-દ્વારકાની પદયાત્રામાં પણ પ્રા. દેવપુરકર ઉમંગભેર જોડાયા હતા.

અધ્યયનશીલ પ્રા. દેવપુરકરે મ.સ. વિશ્વવિદ્યાલય, વડોદરાના પ્રા. એસ. એન. મુકર્જીના માર્ગદર્શન નીચે એમ.એડ્. કર્યું. (૧૯૬૦) એ વખતે એ પદવી મહાનિબંધ રજૂ કરવા માત્રથી મેળવી શકાતી હતી. એમનો વિષય હતો : ''એજ્યુકેશનલ ફિલોસોફી ઑફ શ્રી અરવિંદો.''

એ મહાનિબંધ તૈયાર કરવા માટે પ્રા. દેવપુરકર અરવિંદ આશ્રમ, પોંડીચેરીમાં કેટલોક સમય રહ્યા હતા; ત્યાંના સાધકો અંબુભાઇ પુરાણી, સુંદરમ્, પૂજાલાલ, ઈન્દ્રસેન, પન્નાલાલ, દ્યુમાન વગેરેએ એમને રસ અને ઉત્સાહપૂર્વક સહાય કરી.

જિજ્ઞાસુ જૈન સાધ્વીઓને સંસ્કૃત શીખવવાનું થતાં તેમણે ખૂબ સ્વાધ્યાય કર્યો હતો. સાધ્વીઓના તપસ્વી જીવન, જ્ઞાનપ્રાપ્તિ અને તેના વિતરણની તેમની તમન્ના, પવિત્ર વિનયસંપન્ન સાધ્વી જીવન, અપરિગ્રહ અને સ્વયં શિસ્ત જેવા તેમના ગુણોથી પ્રા. દેવપુરકર પણ પ્રભાવિત થયા હતા.

ફરી નવું શિખર! સંસ્કૃત વિષયમાં પીએચ.ડી. થઈ ચૂકેલા ડૉ. દેવપુરકરે શિક્ષણ વિષયમાં પણ તે પદવી મેળવવાનો સંકલ્પ કર્યો. એમણે ઇ.સ. ૧૮૩૨થી તે ૧૯૭૩ સુધીના ગાળામાં ભારતીય શૈક્ષણિક તત્ત્વદર્શનનો વિકાસ કેવી રીતે થયો તેનો તલસ્પર્શી અભ્યાસ મ.સ. વિશ્વવિદ્યાલયના પ્રોફેસર એસ. એન. મુખર્જીના માર્ગદર્શન સાથે કર્યો. શીર્ષક હતું : ''ઇવોલ્યુશન ઑફ ધ ફિલોસોફી ઑફ એજ્યુકેશન ઇન મૉડર્ન ઇન્ડિયા.'' આ મહાનિબંધને માન્યતા મળતાં ડૉ. દેવપુરકરને શિક્ષણ વિદ્યાશાખાની પીએચ.ડી. પદવી માનભેર એનાયત થઈ. (૧૯૬૫) બે વિદ્યાશાખામાં પીએચ.ડી. કક્ષાની ઉચ્ચત્તમ પદવી ધરાવતા અધ્યાપકો તો વિરલ જ હોય. એ વખતે ડૉ. દેવપુરકરની વય પચાસ વર્ષની હતી.

પોરબંદરની આર. જી. ટી. કૉલેજમાં અઢાર વર્ષ (૧૯૫૬-'૭૪) દરમિયાનના અધ્યાપન-કાળ દરમિયાન વરસોવરસ તેઓ જરૂરતમંદ તાલીમાર્થીઓને અંગત રીતે સહાયભૂત થતા. એમની સાથે હળવી પળોમાં હસતા. એમણે અંગ્રેજીમાં છપાયેલ સંશોધનોનો ગુજરાતીમાં સારાનુવાદ કરીને સંશોધકોને પુસ્તિકા દ્વારા સુલભ કરી આપ્યો હતો. પોતે પીએચ.ડી.ના ગાઇડ તરીકેની યુનિવર્સિટીમાંથી માન્યતા

મેળવવાની પળોજણામાં પડ્યા ન હતા; આમ છતાં તે કક્ષાએ સંશોધન કરતા અભ્યાસકોને ડૉ. દેવપુરકર માર્ગદર્શન આપતા રહ્યા છે.

કૉલેજમાંથી નિવૃત્ત થયેલા ડૉ. આર. ટી. દેવપુરકર પાસે એક નાજુક પણ પડકારરૂપ પ્રવૃત્તિએ આવીને એમની આંગળી પકડી લીધી! દાદા દેવપુરકરને પોરબંદર ખાતે ઘેડિયા રાજપરા પ્રાથમિક શાળાના સ્થાપક-આચાર્ય થવાનું નિર્માયું હતું. તેમણે તે શાળા-સંસ્થાના આચાર્યપદે નવ વર્ષ (૧૯૭૪-૮૩) અને પછી વ્યવસ્થાપક તરીકે આઠેક વર્ષ (૧૯૮૩-૯૧) સુધી યાદગાર સેવાઓ આપી. ઉચ્ચત્તર પદવીધારી ડૉ. દેવપુરકર નિમ્ન પ્રાથમિક સ્તરથી શરૂ થતી શાળામાંય ખીલ્યા અને કળી સરખી એ શાળાનેય ખીલવી બતાવી.

પ્રાથમિક ધોરણોમાં પણ દેવપુરકર દાદા કૉલેજમાં શીખવતા તેવી જ તન્મયતાથી શીખવતા. છઠ્ઠા ધોરણનાં છોકરાં એમના દ્વારા હસતાં-રમતા વ્યાકરણના વિષયાંગોનાં શિખર પર ચડી જતાં : થાક્યા વિના!

નિયમિતતાના સદાગ્રહી આચાર્ય દેવપુરકર શાળામાં મોડા આવનાર વિદ્યાર્થીને શાળાનું મેદાન સાફ કરવા કહેતા. આમાં એમની પુત્રી સુલભાનો પણ અપવાદ નહીં જ!

એક વખત તેઓ પોતાના આચાર્યખંડમાં કાર્યરત હતા; તે વખતે કોઈ ખેડૂત સરખા વાલી તેમને મળવા બહાર ઊભા રહ્યા. પોતાની પુત્રીને શાળામાં પ્રવેશ મળ્યા બાદ તેને વર્ગમાં બેસાડી આવીને તે આચાર્યને પૂછવા આવ્યા : ''સાહેબ, હવે મારે શું આપવાનું?''

''તમે ફી તો ભરી દીધી છે; અમે તમારી પુત્રીને શાળામાં દાખલ કરી દીધી છે; કામ પૂરું થયું.''

''તે બરાબર, પણ સાહેબ, કામ પૂરું થયું એટલે મારે તમને શું દેવાનું છે?''

''આશીર્વાદ સિવાય કંઈ જ નહીં!''

પેલા ખેડૂત-વાલીને તો હળાહળ કળિયુગમાં બંધબેસતો ન થાય તેવો ચોખ્ખો વ્યવહાર થતો જોઈને ભારે નવાઈ લાગી. એમને એમ કે પુત્રીને પ્રવેશ આપનાર હેડમાસ્તરની મુઠ્ઠી તો ગરમ કરવી જ પડે ને!

દેવપુરકરદાદા તો આ વાત ભૂલી ગયા. એકાદ વર્ષ પછી પુત્રીની અભ્યાસ-પ્રગતિ અંગે જાણકારી મેળવવા પેલા ખેડુ-વાલી શાળામાં આવ્યા. એમણે જોયું કે હેડમાસ્તરસાહેબ કંઇક મૂંઝવણમાં હોય એમ લાગે છે. એમની પાસે જઇને કહ્યું, ''સાહેબ, મજા નથી?''

''આવો, આવો, બન્યું એવું છે કે અમારાં ઘરડાં માજી અચાનક પડી ગયાં છે; એમને એસ.ટી. બસ સ્ટેશને લઇ જવાં છે પણ વાહનનો મેળ પડતો નથી.''

''સાહેબ મારી પાસે છ વાહનો છે તે આવા કામે ખપમાં ન આવે તો શું ધોઇ પીવાનાં છે? તમારી ચિંતા તે હવે મારી ચિંતા!''

બીજે દિવસે એ મેર-ખેડૂતના પાંચેક માણસોએ વાહન સાથે આવીને દેવપુરકર સાહેબની સમસ્યા ઉકેલી આપી. હેડમાસ્તર દેવપુરકરદાદાએ એ માણસોને યોગ્ય રકમ

આપવા ખિસ્સામાં હાથ નાખ્યો ત્યારે એમને વારતાં પેલા ખેડુ-વાલી કહે : ''તે કોઈ પૈસા નહીં લે, તમારી કનેથી.''

''કેમ કેમ ?''

''સાહેબ, મારી દીકરીને તમારી નિશાળમાં દાખલ કરતી વખતે તમે લીધા'તા પૈસા? આ પણ માણસાઈનું કામ છે ને?''

આચાર્ય દેવપુરકરની પ્રાથમિક શાળામાં એક છોકરીના પિતા રિક્ષામાં લાવતા ને તેને બે હાથેથી ઊંચકીને ઓટલા પર મૂકતા. તે ઓટલે બેઠી બેઠી જ પ્રાર્થના કરતી. તેને પગની તકલીફ હતી. પ્રાર્થના પછી ઘોડીને ટેકે તે ધીમે ધીમે વર્ગમાં જતી. દેવપુરદાદાએ શાળાનાં બાળકોને જાહેર પ્રાર્થના વખતે જ સૂચના આપેલી કે ચાલતી કે દોડતી વખતે આ છોકરીને ધક્કો ન લાગે તેનું ધ્યાન રાખજો.

તે અપંગ છોકરીને હિંમત આપતાં તેને ધીરેધીરે પણ વધુ ચાલવાની ટેવ પડવા માંડી. દાદાએ તેને ધીરે ધીરે ઘોડી છોડાવી ને ચલાવી. કેટલાક સમય પછી તો તે સારી રીતે ચાલતી થઇ ગઇ!

ઘેડિયા રાજપરા પ્રાથમિક શાળામાંથી નિવૃત્ત થતી વખતે (તા.૧-૭-૧૯૯૧) એમને એનાયત થયેલ માનપત્રમાં નોંધાયું છે : ''સત્તર વર્ષની સંનિષ્ઠ સેવા દરમિયાન આપની પાસેથી નારીનું હૃદય, માતાનું વાત્સલ્ય અને પિતાનું અનુશાસન અમોએ પ્રાપ્ત કર્યું... આપ આપના જીવનમાં શૈક્ષણિક તથા માનવતાનાં મૂલ્યોનું જતન કરતાં કરતાં પણ અનેક મુશ્કેલીઓમાંથી પસાર થઇને એક વીર માનવનું પ્રતીક બની રહ્યા છો.''

આવા ઉષ્માસભર સન્માનનો નિષ્ઠાસભર પ્રતિભાવ આપતાં રામચંદ્રભાઇ દેવપુરકરે કહ્યું, ''તમે માન ભલે આપ્યું; પણ મેં ક્યાં મફતમાં કામ કર્યું છે? મહેનતાણું મળે તેના બદલામાં કામ તો કરવું જ પડે ને!''

આ પછી પણ ત્રણ વર્ષ (૧૯૮૮-૯૧) રામચંદ્રભાઇએ નવી થતી પ્રાથમિક શાળા ગોવિંદજી લાખાણી સ્કૂલના સ્થાપક-આચાર્ય તરીકે સેવાઓ આપીને તેને વિકાસની વાટે અગ્રેસર કરી. હવે તો દાદા પંચોતેર વર્ષની વય વટાવી ચૂક્યા હતા!

શિક્ષણક્ષેત્રે પંચાવન વર્ષ લગી સેવાઓ આપતાં આપતાં પીએચ.ડી.ની બે વખત પદવી મેળવનાર આ અધ્યયન-અધ્યાપનપ્રેમી શિક્ષકે વિપુલ નિર્મળ યશ સંપાદિત કર્યો.

આજેય લેખન-સ્વાધ્યાયમાં ચારેક કલાક તો તેઓ ગાળે જ છે; સામાયિક 'તત્ત્વદર્શન' માટે ઉત્તમ લેખોના અનુવાદ કરતા રહે છે, જરૂર પડ્યે તેનાં પ્રૂફ્સ્ પણ તપાસે. એમણે રમેશભાઇ ઓઝાના પુસ્તક 'ભાગવત સુધા'નો અંગ્રેજીમાં અનુવાદ કરી વિદેશમાં ઊછરતાં ગુજરાતી ભાષી પરિવારનાં બાળકોને કે જેઓ ગુજરાતી લખાણનું અર્થગ્રહણ કરી શકતાં નથી - ભાગવત-પાન સુલભ કરી આપ્યું.

એમનું જીવન ઘણે ભાગે સમુદ્રકિનારે વીત્યું છેઃ દ્વારકા, બેટ (શંખોદ્ધાર), કોડીનાર ને પોરબંદર. કદાચ તેથી જીવનમાં આવ્યા કરતી ભરતી-ઓટને સાક્ષીભાવે જોવાની યુક્તિ

હાંસલ થઇ ગઇ છે. પ્રિયમિત્ર પ્રા. ગજાનન ઠાકરની સંગાથે એમના નિવાસે જવાનું બન્યું ત્યારે અનુભવ્યું કે ઘરમાં જાણે વિદ્યાસુમનો જ મ્હેકી રહ્યાં છે! સાક્ષીભાવે જીવતા એંસી વરસના દાદા પ્રતિ તેમની વિદ્યાસાધના માટે આદર વ્યક્ત કર્યો ત્યારે તેમણે કહ્યું, ''હું ડબલ પીએચ.ડી. છું એ વાત તો ભૂલી ગયો છું!''

''દેવપુરકરસાહેબ, આપને નિરાંત સાથે મળવાની ખૂબ તરસ હતી; ખૂબ સાંભળ્યું છે આપના પુરુષાર્થ અંગે...''

''હું તો એક આજીવન વિદ્યાર્થી-શિક્ષક રહ્યો છું. ભારતીય તત્ત્વજ્ઞાન અને કેળવણીમાં રસ પડ્યો એટલે તે ક્ષેત્રમાં બનતું કર્યું ને હવે થાય તે કરું છું.''

''આપ તો ફિલસૂફીના શિક્ષક, આપના જીવનની ફિલસૂફી જાણી શકું?''

''કંઈ નહીં, આટલું જ : ભારતનો આધ્યાત્મિક વારસો જાણવો અને વધારવો.''

''આ માટે સંસ્કૃત ભાષાની પુનઃપ્રતિષ્ઠા થવી જોઇએ એમ નથી લાગતું આપને?''

''લાગે તો છે, પણ શું થાય? સંસ્કૃત વિષયને વૈકલ્પિક સ્થાન આપવાથી તેના ગૌરવને હાનિ થઇ રહી છે. સંસ્કૃતને ખરાને પૂરા અર્થમાં જાણનારાઓ તેને કદી વૈકલ્પિક દશામાં મૂકવાનું પસંદ કરે નહીં. વિજ્ઞાન ટેક્નોલૉજીના વિષય પ્રસારથી ભૌતિક સિદ્ધિઓ વહેલી પ્રાપ્ત થશે તે સ્વીકારીએ, પરંતુ જીવનમાં બધું જ કંઇ કલદારથી પમાતું નથી. ઇશ્વરભાઇ, સંસ્કૃત જવાની સાથે સંસ્કૃતિ જવાનો ભય છે. ગુજરાતમાં અંગ્રેજીની જે અવદશા થઇ છે તેવું સંસ્કૃત અંગે થવા માંડ્યું છે. આજે અંગ્રેજીના શિક્ષકોની જેમ સંસ્કૃતનાય દક્ષ શિક્ષકો ક્યાં મળે છે?''

''સંસ્કૃત શિક્ષણ વિદ્યાર્થીઓને પણ ઓછું આકર્ષતું હોય એમ જણાય છે. તેને રસાળ બનાવવા માટે શું કરવા જેવું છે?''

''આરંભમાં વ્યાકરણ પર ભાર દેવાને બદલે સાદા છતાં અર્થસભર શ્લોકોથી પ્રારંભ કરવો ઘટે છે અને તેય સંગીતની સંગત સાથે. પછી વ્યાકરણ શિખવાય... વાસ્તવમાં વિષયના ઊંડાણમાં જઇને ખોદકામ કોઇનેય કરવું નથી. હાલ તો કૉલેજમાં સંસ્કૃતનું પાઠ્યપુસ્તક વાંચ્યા વગર તેની પરીક્ષા આપી શકાય છે!''

''- ને સારા ગુણ પણ મેળવી શકાય છે! વિદ્યાર્થીઓને સંસ્કૃત વાંચવામાં રસ જ ક્યાં છે?''

''શિક્ષક જો પોતાના વિષયમાં રસ ઉત્પન્ન કરી શકશે તો વિદ્યાર્થીઓ જરૂર એમને શોધતા ફરશે.''

''આજે તો એમનામાં અજંપો જણાય છે; તેઓને કઇ દિશામાં જવું તે બાબતે...''

''ઇશ્વરભાઇ, હું એમ પૂછું છું કે, આઝાદી પછી, ઊછરતી આવેલી યુવા પેઢીને જેને માટે જીવવું ગમે અને જેના માટે મરવું ગમે એવો કોઈ આદર્શ આપણે આપી શક્યા છીએ ખરા?''

''દાદા, આપની દૃષ્ટિએ આદર્શ શિક્ષક?''

''આદર્શ શિક્ષક પ્રખર જિજ્ઞાસુ અને

(અનુસંધાન પૃષ્ઠ ૧૯ ઉપર)

# તમાચો

- ગિરિમા ઘારેખાન

સુષમા આચાર્યાની કેબિનની બહાર નીકળી અને એને સહેજ લથડિયા જેવું આવી ગયું. ભીંતને ટેકે એ થોડી વાર ઊભી રહી ગઈ. ત્યાં સ્ટુલ ઉપર બેઠેલા નાથુભાઈ એકદમ જ ઊભા થઈ ગયા. કંઈ થાય છે બેન? ખુરશી લાવું?'

ના, ના, નાથુભાઈ થેંક્યું. આ બસ એમ જ.' બોલતી બોલતી સુષમા ધીમા ધીમા ડગલાં ભરતી દાદર તરફ ચાલી. દાદરના પંદર પગથિયાં આજે એને પંદર માળ જેવાં લાગ્યાં.

સ્ટાફરૂમમાં આવીને સુષમાએ ખુરશીમાં પડતું નાખ્યું. થોડી વાર તો એ શૂન્યમનસ્ક થઈને સામે પડેલી નોટબુક્સની થોકડી તરફ જોઈ રહી. પછી મગજમાં વિચારોનો ધોધ પડવા માંડ્યો. કેટલી બધી નોટબુક્સ તપાસવાની બાકી હતી? અચાનક પાંચ-છ ટીચર્સ કમળામાં ઝડપાયા હતા ને ફ્રી પિરિયડ મળતો જ ન હતો. ટીચરનું કામ એટલે આમેય શારીરિક અને માનસિક બેય મોરચે લડવાનું. ટાઈમટેબલ પ્રમાણે તો રોજના બે ફ્રી પિરિયડ મળવા જોઈએ, પણ હમણાંથી તો લગભગ આઠેઆઠ પિરિયડ કામ કરવું પડતું હતું. સ્કૂલમાં પ્રોક્સીનું પારાયણ અને ઘરમાં મિન્ટુનું મહાભારત. શમીક નવી નોકરી શોધવાની પળોજણમાં લગભગ આખો દિવસ બહાર રહેતો અને પોતે કામમાં વ્યસ્ત રહેતી. એમાં ને એમાં મિન્ટુ ઉપર પૂરતું ધ્યાન નહોતું અપાતું. છોકરો દહાડે ને દહાડે ભણવામાં પાછળ પડતો જતો હતો. હમણાં હમણાંનું તો સામું બોલતાંયે શીખ્યો હતો. આ બધાં ટેન્શનમાં કોઇનું પણ બોઇલર ક્યારેક તો ફાટે જ ને?

સુષમાએ પેન હાથમાં લીધી, પણ આ હાથ ચાલતો કેમ ન હતો? શું થઈ ગયું હતું આ હાથને? અચાનક લોહી ફરતું કેમ બંધ થઈ ગયું હતું? હાથમાંથી જાણે ચેતન જ જતું રહ્યું હતું. સુષમા એનો હાથ ટેબલ ઉપર પછાડવા માંડી. હાથ લાલ થઇ ગયો ત્યાં સુધી એણે હાથને પછાડ્યા કર્યો, પછી ક્યાંય સુધી એ લાલઘૂમ થઈ ગયેલી હથેળી સામે તાકી રહી. પછી તો ધીમે ધીમે એને આખા શરીરમાં ખાલી ચડી ગઈ હોય અને શરીર શૂન્ય થઈ ગયું હોય એવું લાગ્યું. ગઇકાલે મગજ બધિર બની ગયું અને આજે શરીર.

સુષમાના કાનમાં આચાર્યાએ કહેલા શબ્દો પડઘાતા હતા, 'મિસિસ દેસાઇ, મારે માટે સ્કૂલની રેપ્યુટેશનથી વધારે કિંમતી બીજું કંઈ જ નથી અને હોવું પણ ન જોઈએ. આજે એક પેરેન્ટ આવીને ધમકી આપી ગયા છે કે જવાબદાર ટીચર ઉપર તમે યોગ્ય પગલાં નહીં લો તો હું પોલીસ ફરિયાદ કરીશ. પછી તમારી સ્કૂલનું નામ વગોવાય તો તમે જાણો.'

સુષમા એકદમ ચોંકી ઊઠી હતી. એને પણ પોતાની સ્કૂલ માટે એટલું જ ગૌરવ હતું, 'પોલીસમાં ફરિયાદ! પણ થયું છે શું મેડમ?'

સીધો જવાબ આપ્યા વિના આચાર્યાએ સુષમાને પૂછ્યું હતું, 'ફોર્થ ડીના ક્લાસટીચર તમે છો ને?'

'હા મેડમ, પણ થયું છે શું?' સુષમાને થોડી બેચેની થવા માંડી હતી.

'તમારા ક્લાસમાં યુનુસ કાદરી નામનો છોકરો છે ને? કેવો છે એ? બહુ તોફાની છે? સુષમાની આંખો સામે યુનુસ કાદરી તરવરી ઊઠ્યો - એકવડિયું શરીર, પાતળું લાંબું મોં, ગોરો વાન અને માંજરી આંખો બધાં જ શિક્ષકો અવારનવાર એની ફરિયાદ કરતા જ હોય કે 'ક્લાસમાં ક્યારેય સીધો બેસી જ નથી શકતો,' 'એનું છાનું છાનું તોફાન કાયમ ચાલુ જ રહે,' 'આજુબાજુ બેઠેલા છોકરાઓને પણ હેરાન કર્યા કરે છે,' વગેરે વગેરે. વિદ્યાર્થીઓને વર્ગની બહાર કાઢવાની શિક્ષા આપવાની મનાઇ હતી, નહીં તો ઘણા શિક્ષકો એવું જ ઇચ્છતા કે યુનુસને વર્ગની બહાર જ રાખે. સુષમાએ એની જગ્યા શિક્ષકના ટેબલની બરાબર સામેની, આગળની બેન્ચ ઉપર જ નક્કી કરી નાખી હતી, જેથી એના ઉપર સતત નજર રહી શકે.

જો કે યુનુસને એની પણ ક્યાં અસર હતી? સુષમાના પિરિયડમાં તો એ હદ કરી દેતો. એ બ્લેકબોર્ડ ઉપર કંઇ લખવા માટે અવળી ફરે કે ઊભી થઈને પાછળ જાય ત્યારે એ કંઇક અટકચાળું કરી જ લેતો. વર્ગશિક્ષિકા તરીકે સુષમા હતી. માટે બીજા બધા શિક્ષકો એને જ ફરિયાદ કરતા રહેતાં. એટલે યુનુસને સહુથી વધુ ઠપકો શિક્ષકા સુષ્મા તરફથી જ મળતાં. એ ઘણીવાર એને રિસેસમાં લખવાનું કામ સોંપીને એનો રમવાનો સમય છીનવી લેતી, ડબલ ઘરકામ આપતી, અને બીજું ઘણુંય. એ બધું કર્યા પછી પણ કૂતરાની વાંકી પૂંછડીની જેમ યુનુસ તો એનો એ જ. ન ઇચ્છવા છતાં, પોતાના સ્વભાવની વિરુદ્ધ જઇને પણ સુષમા જેમ વધારે કડક થતી એમ એનાં તોફાન વધતાં જતાં. આટલાં વર્ષોમાં એને યુનુસ જેવા વિદ્યાર્થી સાથે ક્યારેય પનારો નહોતો પડ્યો. સુષમાને આમ ભાગ્યે જ ગુસ્સો આવતો, પણ યુનુસ એની ધીરજની કસોટી કરતો હોય એવું લાગતું.

આચાર્યાએ બીજી વાર સુષમાને પૂછ્યું, 'બહુ તોફાની છોકરો છે એ? મને પણ થોડું ઘણું સાંભળવા તો મળ્યું છે.' સુષમાએ જવાબ આપ્યો, 'સાચું કહું મેડમ? પેલું આપણે કહીએ છીએ ને - વડના વાંદરા ઉતારે - એવો છે. ગમે તે શિક્ષા કરો, તેટલું વઢો - કંઈ અસર જ નથી થતી એને.' સુષમાથી પણ એની અકળામણ ઠલવાઇ ગઇ. સુષમાની શિક્ષિકા તરીકેની આટલાં વર્ષોની કરાકિર્દીમાં ક્યારેય એના ક્લાસના કોઇ વિદ્યાર્થીનો કોઈ જ પ્રોબ્લેમ થયો ન હતો, એટલે એ થોડી નર્વસ થતી જતી હતી.

'વાત એમ છે મિસિસ દેસાઈ, કે આજે યુનુસના ફાધર મારી પાસે આવ્યા હતા. બહુ જ ગુસ્સામાં હતા. એમણે કહ્યું કે એમના છોકરાને કોઈ ટીચરે એટલા જોરથી તમાચો માર્યો છે કે એના કાનના પરદાને અસર થઈ છે. એને હૉસ્પિટલમાં દાખલ કર્યો છે. કદાચ ઓપરેશન પણ કરવું પડે.'

'ઓહ માય ગૉડ!' સુષમાનો હાથ છાતી ઉપર આવી ગયો. એ આંખો પહોળી કરીને સાંભળી રહી.

'એક તો વિદ્યાર્થીઓને આવી શારીરિક શિક્ષા આપવાની મનાઈ જ છે. પણ હું પણ ટીચર રહી ચૂકી છું. ક્યારેક કોઇ વિદ્યાર્થીને અપવાદરૂપ કિસ્સામાં એકાદ ટપલી મારવી પડે, પણ દરેક વસ્તુ એની મર્યાદામાં હોય. આવો તમાચો! કોઈના શરીરને આવું નુકસાન

થાય એવું તો ક્યારેય ન મરાય. આમાં જો પાછી પોલીસ ફરિયાદ થાય અને આખી ઘટનાને ધાર્મિક સ્વરૂપ આપી દેવામાં આવે તો વાતનું વતેસર થઈ જશે. મારે તો આગળ ટ્રસ્ટીઓને પણ જવાબ...' આંખો પહોળી કરીને સામે ભીંત તરફ તાકી રહેલી સુષમાને આચાર્યાના આગળના શબ્દો સંભળાતા બંધ થઈ ગયા હતા. અત્યારે કોઈએ એના ગાલ ઉપર તમાચો ઝીંકીને એને ખુરશીમાંથી નીચે પટકી હોય એવું એને લાગતું હતું.

'તમે સમજો છો ને મિસિસ દેસાઈ? કેમ કંઈ બોલતાં નથી?'

'હેં-? હા..હા. હું વિચારતી હતી કે હવે શું કરીશું મેડમ?'

પછી આચાર્યાએ સુષમાને ફોડ પાડીને જણાવ્યું હતું કે એમણે સુષમાને કેમ બોલાવી હતી.

'મિસિસ દેસાઈ, તમે એક સીનિયર ટીચર છો. મને ખબર છે કે સ્ટાફમાં અને વિદ્યાર્થીઓમાં તમે ખાસાં પોપ્યુલર છો. બધાં પેરેન્ટ્સ પણ તમારો આદર કરે છે. હવે તમે તમારી કુનેહથી એ જાણવાનો પ્રયત્ન કરો કે યુનુસને આ તમાચો કોણે માર્યો હતો. હું બધાંને બોલાવીને પૂછીશ તો કોઈ સાચું બોલવાનું નથી. ક્લાસમાં જઈને હું સીધેસીધું વિદ્યાર્થીઓને પૂછું એ બરાબર નથી. ખાલી બીજાં પેરેન્ટ્સ સુધી પણ વાત પહોંચી જાય અને આખી વાત ડહોળાઈ જાય. મને બને તો એક-બે દિવસમાં જ જણાવો. નાજુક બાબત છે એટલે થોડી કળથી કામ લેવું પડશે.' આચાર્યાનો અનુભવ બોલ્યો.

સુષમાને કેબિનની બહાર નીકળતાં લથડિયું આવી ગયું અને સ્ટાફરૂમમાં જઈને તો એ ખુરશીમાં ફસડાઈ જ પડી. લાલ થઈ ગયેલી હથેળી સામે જોતાં સુષમા વિચારતી રહી, 'આજે જડ થઈ ગયેલા આ હાથમાં ગઈકાલે કેમ અચાનક આટલું જોર આવી ગયું હતું? શું થઈ ગયું હતું એને? ઘરમાં ગમે તેટલા પ્રોબ્લેમ્સ હોય, એને આમ એક વિદ્યાર્થી ઉપર કેવી રીતે ઉતારાય? કોઈ વિદ્યાર્થીને ગુસ્સો ઠાલવવાની ગટર કેવી રીતે ગણી લેવાય? ક્રોધ ઉપર કાબુ રાખવાની શિખામણ એ કેટલા જણને આપતી હતી? ક્યાં ગયો હતો એના પોતાનો કાબુ? હવે એ છોકરાને કાયમની કોઈ તકલીફ રહી જાય તો એ પોતાની જાતને માફ કરી શકશે?'

આચાર્યાએ પાછો ચોરને જ કોટવાળ બનાવી દીધો હતો - 'તમે કુનેહથી જાણી લેજો.' શું જાણે? કોને પૂછે? આખી ઘટના ક્લાસરૂમની બહાર જ ઘટી હતી, જેને માત્ર બે જણ જ જાણાતા હતા - એક એ પોતે અને બીજો યુનુસ. એક તો ગઈકાલે એકપણ ફ્રી પિરિયડ નહોતો મળ્યો. સાતમો પિરિયડ પોતાના જ ક્લાસમાં પ્રોક્સીમાં ગઈ ત્યારે માથું ફાટફાટ થતું હતું. વિદ્યાર્થીઓને કંઈક કામ આપીને એ પોતાના ક્લાસનું રજિસ્ટર લઈને બેસી ગઈ હતી, એટલે ક્લાસમાં થોડો ઘણો અવાજ તો ચાલુ જ રહ્યો હતો. નવ-દસ વર્ષનાં બાળકો કેટલી શાંતિ જાળવી શકે ? પિરિયડ પૂરો થવાનો ઘંટ વાગ્યો, એ હડબડાટમાં બહાર નીકળી અને પાછળ યુનુસ દોડીને ક્લાસની બહાર આવતો દેખાયો. આખા દિવસનો થાક, શમીકની નોકરી છૂટી ગયાનું ટેન્શન, મિન્ટુના નબળા રિઝલ્ટની હતાશા - બધું જ એક સાથે હૈયામાંથી છટકી, હાથમાંથી વહીને યુનુસના ગાલ ઉપર પટકાયું હતું. એ વખતે મગજમાં એક જ વિચાર હતો - પોતે હજુ ક્લાસની બહાર નીકળી અને તરત જ આ છોકરાએ દોડાદોડી ચાલુ કરી દીધી! યુનુસે

પ્રતિક્ષિપ્ત ક્રિયાની જેમ મોં ફેરવી લીધું હતું અને હાથ એના કાન જોડે અથડાયો હતો. પણ એમાં આટલું બધું થઈ જશે તેની ક્યાં ખબર હતી?

સુષમા એક પણ નોટબુક ચેક ન કરી શકી. પિરિયડ પૂરો થવાનો ઘંટ વાગ્યો. સુષમાનો પછીનો પિરિયડ 'ચાર ડી'માં જ હતો. સ્ટાફરૂમથી ક્લાસરૂમમાં જતાં સુધીમાં તો એને અનેક વિચારો આવી ગયા. શમીકની નવી નોકરીનું ન થાય ત્યાં સુધી તો પોતે જ ઘર ચલાવવાનું હતું અને આ નવા આચાર્યા તો જવાબદાર શિક્ષક ઉપર પગલાં લેવાની વાત કરતાં હતાં. શું કરશે? કાઢી મૂકશે? મેમો આપશે? આટલાં વર્ષોની જમાવેલી આબરૂ ઉપર પાણી ફરી વળશે? આવતા વર્ષે તો 'બેસ્ટ ટીચર' તરીકે રાષ્ટ્રપતિ એવોર્ડ માટે એનું નામ મોકલવામાં આવશે એવી વાતો થતી હતી, એને બદલે સાવ ઘેર બેસવાનો વારો આવશે? ધરતીકંપ જેવા એક તમાચાની આફ્ટર ઈફેક્ટ આટલી ભયંકર હોઈ શકે? એવો કેવો ગુસ્સો આવી ગયો? આ યુનુસની મથરાવટી તોફાની તરીકેની હતી માટે હાથ ઉપડી ગયો? પોતે સહેજ વાર એ જોવાની રાહ પણ ન જોઈ કે એ પાછળ શું કામ આવ્યો હતો? એ તો તમાચો ખાધા પછી, એક હાથ કાન પર મૂકીને, આંખમાં તગતગતાં આંસુ સાથે એણે બીજો હાથ સુષમા તરફ લંબાવ્યો ત્યારે જ સુષમાને ખ્યાલ આવ્યો કે એ તો ટેબલ ઉપર રહી ગયેલી તેમની પેન આપવા પાછળ આવ્યો હતો. જો કે એ વખતે તો એ લંબાવેલી પેન પકડીને એણે ચાલતી પકડી હતી. મન પસ્તાવો કરવા જેટલું નવરું જ ક્યાં હતું? કે પછી એવું તો ન હતું કે વિદ્યાર્થીઓમાં માનીતી પોતે પોતાની અંદર જ છલકી છલકીને અધૂરો ઘડો થઈ ગઈ હતી?

પણ હવે? સુષમાએ નક્કી કર્યું કે યુનુસના પપ્પાને મળીને એ સાચી વાત જણાવી દેશે, બે હાથ જોડીને માફી માગશે, પોતાની ઘરની પરિસ્થિતિ જણાવીને આટલી વાર માફ કરી દેવાની વિનંતી કરશે, પણ એ માનશે? મિન્ટુ સાથે આવું થયું હોય તો પોતે શું કરે? જે થાય એ - એ જ્યાં સુધી યુનુસને જોઈ નહીં લે ત્યાં સુધી હૃદયની આ બળતરા ઠંડી નહીં પડે. એ છોકરાનો આંખમાં આંસુ સાથેનો ચહેરો સુષમાની આંખો સામેથી ખસતો ન હતો.

સુષમાએ ક્લાસના રજિસ્ટરમાંથી યુનુસના પપ્પાનો નંબર શોધી લીધો. એમને ફોન કરીને સાંજે હોસ્પિટલ પહોંચી ગઈ. યુનુસના કાન ઉપર મોટી પટ્ટી મારેલી હતી. એ યુનુસના પલંગ ઉપર જ બેસી ગઇ અને એનો હાથ પકડી લીધો. યુનુસની પાતળી, કૂણી આંગળીઓ સુષમાની થોડી ખરબચડી આંગળીઓમાં પરોવાઈ ગઈ. સુષમાને થયું કે પોતાની આ આંગળીઓને વાચા ફૂટે તો કેવું સારું? એ જ યુનુસની માફી માગી લે.

બાજુમાં ઊભેલી યુનુસની મમ્મીએ વાતની શરૂઆત કરી, 'તમે ક્લાસટીચર છો ને મેડમ? યુનુસ ઘેર આવીને તમારી ઘણી વાતો કર્યા કરે છે.'

અજાણતાં જ યુનુસની આંગળીઓ ઉપર સુષમાની આંગળીઓની પકડ મજબૂત થઈ. 'શી શી ફરિયાદો કરી હશે આ છોકરાએ? ઉપરથી આ. હવે કહેવું કેવી રીતે? પણ કહેવું તો છે જ. વાજતું ગાજતું, આજે નહીં તો કાલે, સામે તો આવશે જ અને પછી...? જો કે છોકરાએ હજુ સુધી વાત નથી કરી તો કદાચ ન પણ કરે, પણ હૈયામાં સીસું ભરીને તો શી રીતે રહેવાય? થોડી કુનેહપૂર્વક વાત રજૂ કરીશ.'

'મેડમ, અમારો છોકરો શરારતી છે માલૂમ છે, પણ આવું મરાય? ઘેર આવ્યો ત્યારે કાનમાંથી ખૂન નીકળતું હતું. અલ્લાકરમ, આ તો બચી ગયો. ખુદા ના ખાસ્તા, બહેરો થઈ ગયો હોત તો શું કરત?' યુનુસની મમ્મીના અવાજમાં હવે ગુસ્સો હતો.

'હું એ ટીચરને છોડવાનો નથી.' યુનુસના પપ્પા ઉશ્કેરાઈને બોલવા માંડ્યા, 'એને સ્કૂલમાંથી કઢાવીને જ રહીશ. અમેરિકા જેવો મુલક હોય તો સ્કૂલ ઉપર હજારો ડૉલરનો કેસ દાખિલ કરી દે.'

ધગધગતા શબ્દોનો ઉકળાટ રૂમમાં ફેલાઈ ગયો. સુષમાનું શરીર સહેજ ધ્રૂજ્યું અને કપાળ ઉપર પરસેવો વળી ગયો.

'હું તમારી વાત સમજી શકું છું ભાઈ. પણ ટીચર પણ આખરે માણસ છે. એમણે પહેલાં ક્યારેય યુનુસ ઉપર હાથ ઉપાડ્યો છે? બની શકે કે એ દિવસે...' સુષમાએ કબૂલાતની પૂર્વભૂમિકા બાંધી. પછી વાક્ય અરધું જ મૂકીને યુનુસ સામે જોઈને મતલબનો પ્રશ્ન પૂછ્યો, 'યુનુસ શું કહે છે?' બોલતા બોલતા હૃદય એટલા જોરથી ધડકતું હતું કે એને થયું કે અરધી રાત્રે નદીના પુલ ઉપરથી પસાર થતી ફાસ્ટ ટ્રેન જેવો શરીરની અંદરથી આવતો અવાજ આ લોકો પણ સાંભળતા જ હશે.

'એ જ પ્રોબ્લેમ છે ને મેડમ. ઘેર આવ્યો ત્યારે સાવ ખામોશ હતો. મેં એના શર્ટના કોલર ઉપર થોડા ખૂનના ડાઘ જોયા અને પૂછ્યું, તો કહે, 'ટીચરે લાફો માર્યો.' મેં એના અબ્બાને વાત કરી. એઓએ તો કીધું કે 'હું એ ટીચરને સ્કૂલને બહાર કઢાવીશ.' બસ, એ સાંભળ્યું ત્યારથી ફરી ગયો છે. કહે છે, ''કોઈએ માર્યું નથી. બસમાં ચડતી વખતે પગથિયા પરથી પડી ગયો હતો અને લાગી ગયું.'' હવે તમે જ પૂછી જુઓ મેડમ, તમારું માનીને કહી દે તો. આમેય તમે એને બહુ ગમો છો, મેડમ.'

સુષમાથી એકદમ યુનુસની સામે જોવાઈ ગયું. એ અપલક એની સામે જોઈ રહ્યો હતો. એ નજરમાં ક્યાંય ફરિયાદના કાંટા ન હતા, એમાં તો હતું મોરપીંછ જેવું કંઈક મુલાયમ મુલાયમ સુષમાને સમજાયું કે એ માંજરી આંખો તો નિરંતર સ્નેહના સાત તરંગની યાચના કરતી હતી. એણે નીચા નમીને યુનુસનું કપાળ ચૂમી લીધું. પરસ્પરમાં જકડાઈને રહેલી એ દસ આંગળીઓને વાચા ફૂટી હતી કે કેમ એ તો અંતરના કાન જાણે, પણ ચાર આંખોમાં ઝરણાં જરૂર ફૂટી નીકળ્યાં.

સુષમાને પહેલી વાર સમજાયું કે માણસ જડમૂળથી હચમચી જાય એવો સુંવાળો તમાચો સીધો હૃદય ઉપર પણ વાગી શકે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૪ થી ચાલુ)

ક્રિયાશીલ વ્યક્તિત્વ વિકસાવી શકે એવો ઉત્સાહી અને શ્રદ્ધાવાન હોવો જરૂરી છે. તેણે વાવેલાં બીજ ક્યાં વાવ્યાં, ક્યાં ઊગ્યાં, ક્યાં ફળ આવ્યાં તે બધું પરાત્પરની શ્રદ્ધા ઉપર છોડવું પડે. કામ કરવાનો આનંદ આવે તો જ એ આદર્શ શિક્ષક; બાકી તો વેઠે પકડેલા વેઠિયાઓને પણ તેમને સોંપેલું કામ કરવું પડે છે. એ કામ નહીં પણ વેઠ કહેવાય.'' જ્ઞાન મેળવવાનો અને આપવાનો તો આનંદ અનોખો!''

મારી સામે બેઠેલા એક આદર્શ શિક્ષક ડૉ. રામચંદ્ર ત્ર્યંબકભાઈ દેવપુરકરની આંખોમાં જ્ઞાન-સમુદ્રનું ઊંડાણ હતું ને હોઠે લહેરો હેતની!

# બે વિદ્યાર્થીઓ

- ફાધર વાલેસ

વર્ગમાં બે વિદ્યાર્થીઓ બેઠા છે. સરખા લાગે છે. સાથે બેઠા છે અને સાથે શિક્ષકની વાતો સાંભળે છે. સાથે એની નોંધ ઉતારે છે. એમના દેખાવ પણ સરખા અને કપડાં પણ સરખાં - કદાચ એમની બુદ્ધિ પણ સરખી હશે અને કુટુંબની સ્થિતિ પણ સરખી હશે. પણ એમના મનમાં જુદા સંકલ્પો છે, જુદાં અરમાનો છે અને તેથી સરખા લાગતા એ બે વિદ્યાર્થીઓ આગળ જતાં જુદાં કામ કરશે અને જુદાં જીવન જીવશે.

બંદરે બે વહાણ ઊભાં છે. સરખાં લાગે છે. પણ એક અણુશક્તિથી ચાલે છે. એનો વેગ વધારે, એનું સંચાલન સરળ, અને તે દિવસો ને મહિનાઓ સુધી નવું બળતણ લીધા વગર ભરદરિયે રહી શકે, બંદરે આવ્યા વગર રહી શકે. બીજું વહાણ બળતણથી ચાલે છે. એનો વેગ ઓછો, એનું સંચાલન કષ્ટમય, અને થોડા થોડા દિવસે નવું બળતણ લેવા બંદરે આવવું પડે. વહાણો સરખાં લાગે છે. પણ બળતણ જુદું છે. માટે કામ પણ જુદું અને સફર પણ જુદી.

યુવાન માણસના દિલમાં કયું બળતણ છે? અણુશક્તિ છે કે ચાલુ બળતણ છે - કે ખાલી છે? બહારથી તો બધા યુવાનો સારા ને બધા ઉત્સાહી ને બધા યુવાન જ દેખાય છે. પણ અંદર શું છે? કેવું બળતણ છે ? કેવાં ધ્યેય છે અને કેવાં સંકલ્પો છે? એ ઉપરથી જ ભવસાગરમાં જીવનનૌકાની સફળતા નક્કી થવાની છે.

ઊઘડતી કૉલેજ નવા નવા વિદ્યાર્થીઓ આવે છે ત્યારે પહેલો પરિચય કરવા અને સંપર્કનો સેતુ બાંધવા નામ-ગામ પૂછ્યા પછી હું અનેક વાર પ્રશ્ન પૂછું છું, ''તમે કૉલેજમાં શા માટે આવ્યા?'' સહજ ભાવે પૂછું છું, ખાસ સારા જવાબની આશા વિના પૂછું છું, પ્રશ્નમાં મર્મ હોઈ શકે એના નિર્દેશ વગર પૂછું છું. અને જવાબો પણ ખાસ સારા મળતા નથી, કૉલેજમાં શા માટે આવીએ છીએ? ભણવા. સ્કૂલમાં પાસ થયા એટલે કૉલેજમાં આવ્યા. મોકલે છે એટલે આવીએ છીએ. દુનિયામાં કંઈ પણ કરવા માટે ડિગ્રી તો જોઈશે, અને ડિગ્રી માટે કૉલેજમાં આવવું પડે ને! - એવા જવાબો મળે છે, અને એ રીતે કંઈક પરિચય થાય છે અને નવા વિદ્યાર્થીઓની સાથે સંબંધો શરૂ થાય છે.

પણ એક વાર વિદ્યાર્થીએ મને ઘણો સારો જવાબ આપ્યો હતો. નવો કોર્સ હમણાં શરૂ થયો હતો, નવા વિદ્યાર્થીઓ આવતા હતા. અને સાંજે છૂટીને બધા ઘેર જતાં હતા એમાં એકને રોકીને નામ પૂછ્યું, સાધારણ વાતો

કરી, અને પછી અમસ્તો પેલો પ્રશ્ન પૂછ્યો, ''તમે હવે કૉલેજમાં આવ્યા છો તે શા માટે આવ્યો છો?'' એણે તરત જવાબ ન આપ્યો. થોડીવાર એમ ને એમ ઊભો રહ્યો. જરા અંતર્મુખ થતો હોય એવું લાગ્યું, ''હું સાચી વાત કહું?'' ''હા, કહો ને!'' અને કૉલેજને આંગણે ઊભો ઊભો એ યુવાન વિદ્યાર્થી પોતાના દિલની વાત કહેવા લાગ્યો.

''હું નાનો હતો, સાવ નાનો હતો ત્યારે મારાં બા ગુજરી ગયાં. મને યાદ નથી એટલો નાનો હું હતો, પણ પાછળથી ખબર પડી અને બધી વિગતો જાણી. તે ગયાં એ કોઈ ભારે રોગને લીધે નહોતા ગયાં; એમને ક્ષય રોગ જેવો સામાન્ય રોગ થયો હતો. ડૉક્ટર મળે તો એ જરૂરી મટી જાય. પણ અમે ગામડામાં હતાં ને ત્યાં કોઈ સારો ડૉક્ટર ન મળ્યો. અને ખબર પડી ત્યારે બહુ મોડું થઈ ચૂક્યું હતું. એટલે એ ગયાં, અને એમના ગયાથી મારું જીવન તો હવે શૂન્ય જેવું થઈ ગયું છે. મારા જીવનમાં એ મોટું દુઃખ છે અને એને લીધે હું પણ મારી ઉંમર કરતાં કંઈક ગંભીર છું અને એકલો અને એકલો જ રહું છું. વાંચવામાં હું પૂરું ધ્યાન આપું છું. સ્કૂલમાં બહુ મહેનત કરી અને સારું પરિણામ આવ્યું છે. હવે કૉલેજમાં આવ્યો છું, અને આ વર્ષે પણ મારે બરાબર મહેનત કરવી છે, અને સારું પરિણામ લાવવું છે. પછી હું પ્રિ-મેડીકલમાં જઈશ અને સારો ડૉક્ટર થઈશ. અને પછી... સારા ડૉક્ટરના અભાવે મારાં બા ગયાં, તો સારા ડૉક્ટરના અભાવે બીજા છોકરાઓનાં બા ન જાય એ જોવાનું મારું કામ.''

એ શાંત રહ્યો. અને હું પણ શાંત રહ્યો. એક યુવાન વિદ્યાર્થીના હૃદયમાં કેવા પવિત્ર ભાવ હોઈ શકે એનો સાક્ષી બનીને હું ધન્યતા અનુભવી રહ્યો હતો. કંઈ કહેવાની જરૂર નહોતી. બોલવા જાઉં તો ગળે ડૂમો ભરાશે એની ખાતરી પણ હતી. મૌનથી જ એની કદર થઈ શકે એમ હતું. એટલે અમે બે થોડી વાર સાથે મૌન રહ્યા. મેં મારો હાથ એને માથે મૂક્યો. સ્પર્શથી મૂક વ્હાલ કર્યું. પછી એને જવા દીધો, બીજા છોકરાઓના ટોળામાં એ ભળી ગયો.

પણ હવે એ વિદ્યાર્થી મારા વર્ગમાં બેઠો છે. અને હું ભણાવતાં ભણાવતાં એની તરફ જોઉં છું. એના મનની વાત હું જાણું છું. એના જીવનનું રહસ્ય સમજું છું. એની પ્રેરણાથી મને જે પ્રેરણા મળે છે. એનો ઉત્સાહ મને પોતાને ઉત્સાહ ચડાવે છે અને એને માટે આદર થયો છે, અને પ્રેમ થયો છે. એની સાથે બીજું પરિણામ પણ આવ્યું કે એ છોકરાને માટે મારા મનમાં હવે કોઈ ચિંતા નથી. હવે ખબર છે કે એના દિલમાં કેવું ધ્યેય છે. કેવું બળ છે, અને ખાતરી છે કે તે એને આગળ લઈ જશે, સફળ બનાવી દેશે, એના મનમાં દિશા છે, વેગ છે, નિર્ણય છે. જીવન લઈને શું કરવાનું છે એ તે જાણે છે - એટલે કરશે જ.

સ્કૂલ પછી કૉલેજમાં અવાય, મોકલે છે એટલે આવીએ છીએ, ડિગ્રી જોઈએ એટલે ભણીએ છીએ - એવો એનો જવાબ નથી. બધા જાય ત્યાં જવાનું, બધા કરે એવું કરવાનું - એ એનું વલણ નથી. પણ મારે ક્યાં જવાનું છે અને જઈને શું કરવાનું છે એનો સ્પષ્ટ

ખ્યાલ અને મનસૂબો અને નિર્ણય. લક્ષ્ય છે એટલે બળ છે. દિશા છે એટલે વેગ છે. ઘણાખરાને ક્યાં જવાનું છે એની ખબર નથી એટલે ક્યાંય જતાં પણ નથી. બુદ્ધિ મળી છે. શક્તિ મળી છે. હાથપગ મળ્યા છે. કલ્પના મળી છે. પણ એ લઈને શું કરવું એની ગમ નથી એટલે કશું કરતા પણ નથી.

એવા છોકરાઓને માટે મનમાં ચિંતા રહે છે. તેઓ આજે સારું ભણે છે. સારી રીતે વર્તે છે અને જીવે છે. કૉલેજમાં બધા કામ કરે છે એટલે તેઓ પણ કરે છે. વર્ગનું કામ ચાલે છે એની સાથે એમનું કામ પણ ચાલે છે. પણ આગળ ઉપર મુશ્કેલીઓ આવશે, વિઘ્નો આવશે, નિષ્ફળતાઓ આવશે ત્યારે તેઓ શું કરી શકશે એનો વિશ્વાસ નથી. અને તેથી આજે એમને માટે ચિંતા છે.

પણ પેલા છોકરાને માટે ચિંતા નથી. એને માટે પણ જીવનની એ મુશ્કેલીઓ આવશે અને વિરોધ આવશે અને નિરાશા આવશે; પણ તે એનો સામનો કરી શકશે કારણ કે એનામાં એ શક્તિ છે. એને ક્યાંક જવું છે એટલે વચ્ચે પડી જશે તોય ઊભો થઈને પાછો ચાલતો થશે. એને કંઈક કરવું છે, એટલે વચ્ચેથી કામ બગડે તોય ફરીથી શરૂ કરીને તે પૂરું કરશે. રસ્તો છે એટલે જશે. ધ્યેય છે એટલે કરશે.

ધ્યેયની શક્તિ તે અણુશક્તિ છે. તે કાયમ ચાલે. પૂરો વેગ આપે. દૂર સુધી લઈ જાય. એ તેજ બળતણ છે. અખૂટ શક્તિભંડાર છે. એ હૃદયમાં આવે એટલે જીવન સલામત અને પ્રગતિ નક્કી. યુવાન માણસના અંતરમાં જીવનધ્યેયની જ્યોતિ પ્રગટી એટલે એને માટે ચિંતા નથી, શંકા નથી. એ જશે અને કરશે અને વિજય પામશે. એના દિલમાં શક્તિ છે. આખી જીવનયાત્રામાં ચાલે એવી પ્રબળ ને અખંડ શક્તિ છે. એની નૌકા દૂર જશે. મહાસાગરને પેલે કાંઠેએ પહોંચી જશે.

એટલા માટે યુવાન માણસની પાસેથી એ તલસ્પર્શી જવાબ સાંભળીને દિલ હરખાઈ જાય. અને એટલા માટે જ બીજા અનેક યુવાનોની પાસેથી છીછરા જવાબો સાંભળીને દિલને ચિંતા થાય. એવો એક જવાબ પણ યાદ છે. બીજી વાતનો જવાબ. એક વાર કૉલેજમાં એક વિદ્યાર્થીને પૂછેલું, ''આગળ ઉપર તમારે શું કરવું છે?'' અને જવાબ મળ્યો, ''મારે બાપુની ઑફિસમાં બેસવું છે.'' એ કરોડપતિનો દીકરો હતો. એના બાપુજીની સુંદર ઑફિસ હતી. એ એણે જોઈ હતી. એમાં એને માટે પણ જગ્યા તૈયાર હતી એ તે જાણતો હતો. અને ત્યાં બેસવાની રાહ જોતો હતો. એ એનું ધ્યેય અને એ એનું લક્ષ્ય.

હા, જરૂર બેસશો. બાપુજીની ઑફિસમાં જરૂર બેસશો. ત્યાં તમારે માટે જગ્યા તૈયાર છે. સલામત છે. પણ ખાલી બાપુજીની ઑફિસમાં બેસવાથી તમારું જીવન કંઈ ઉન્નત થવાનું છે એવો ભ્રમ ન સેવો. તમારે માટે બધું તૈયાર છે એટલે કે તમારે કશું કરવાનું નથી એ એનો અર્થ થયો. અને કશું કરવાનું નથી એટલે કશું કરવાનું મન પણ થતું નથી એ

(અનુસંધાન પૃષ્ઠ ૩૧ ઉપર)

# આઝાદીના ગર્ભમાં રહેલા નવરસ

**આઝાદીનો હું અદ્‌ભુત રસ છું.**

**- પાલખીવાલા અમિતા મનુભાઈ**

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના સંઘર્ષની વિવિધ ઘટનાઓ, બલિદાનો અને આઝાદીના ગર્ભમાં છૂપાયેલા વિવિધ ઘટકો-નવરસમાં નિરૂપણ કરતી આ શ્રેણી વાચકોને જરૂર ગમશે.

**- તંત્રી**

રાષ્ટ્રીય જય ચેતનાનું ગાન વંદેમાતરમ્,
રાષ્ટ્રભક્તિ પ્રેરણાનું ગાન વંદે માતરમ્,
વંદે માતરમ્... વંદે માતરમ્...

બંસીના વહેતા સ્વરોનો પ્રાણ વંદે માતરમ્,
ઝલ્લરી ઝનકાર ઝનકે નાદ વંદે માતરમ્,

શંખનો સંઘોષ ચહુદિશ નાદ વંદે માતરમ્..
સૃષ્ટિના બીજમંત્રનો છે મર્મ વંદે માતરમ્,

રામના વનવાસ કેરું કાવ્ય વંદે માતરમ્,
દિવ્ય ગીતા જ્ઞાનનો આધાર વંદે માતરમ્..

હલ્દીઘાટીના કણોમાં વ્યાપ્ત વંદે માતરમ્,
દિવ્ય જૌહર જ્વાલનું છે તેજ વંદે માતરમ્,

વીરોનાં બલિદાનનો સિંહનાદ વંદે માતરમ્..
જન જનના હર કંઠનું હો ગાન વંદે માતરમ્,

અરિદલ થર-થર કંપે સુણી નાદ વંદે માતરમ્,
વીરપુત્રોનો અમર લલકાર વંદે માતરમ્...

વંદે માતરમ્... વંદે માતરમ્....

દેશભક્તિના આ સંઘ ગીતની પંક્તિઓમાં હું સમાયેલો છું. આઝાદીના નવ રસમાં સૌથી રોચક અને રોમાંચક રસ એટલે હું અદ્‌ભુત રસ. સ્વતંત્રતાની લડાઈમાં ગીત-સંગીતમાં, વિચિત્ર ઘટનાઓમાં, પ્રસંગોમાં કે કોઈ વ્યક્તિ, વસ્તુઓમાં ઉપસ્થિત રહીને મેં અંગ્રેજોને ચોંકાવ્યા હતા. વીર રસના સાક્ષાત ફળ તરીકે જ હું પ્રગટું છું. કારણ કે વીર પુરુષોના વાણી, વર્તન, કાર્ય સૌને અભિભૂત કરે છે. એમનો ઇતિહાસ જગતને વિસ્મિત કરે છે. આથી જ કહી શકાય કે આશ્ચર્ય કે વિસ્મયમાંથી મારો જન્મ થયો છે.

અનોખું, અદ્વિતીય, અપ્રતિમ, આશ્ચર્યકારક, અજોડ, અલૌકિક, અનુપમ, અજબ, વિસ્મય, અનન્ય, શ્રેષ્ઠ, અનેરું, અપૂર્વ - આ બધા સાથે મારે બહુ ઊંડો સબંધ છે. મારી સાથે વિપત્તિના સમયમાં હિંમત નહીં હારનારો વીર રસ પણ જોવા મળે છે.

હવે તો વિસ્ફારિત નયને તમે મારા અંગે જાણવા આતુર હશો જ કે આઝાદીના ગર્ભમાં છુપાયેલો હું કોણ છું? આઝાદીનો હું અદ્‌ભુત રસ છું, હું સુખાત્મક છું, હું આનંદાત્મક છું. હું અદ્‌ભુત છું એટલે હું નોખો છું. કારણ કે હું અશ્રુઓમાં પણ છું અને સ્મિતમાં પણ છું. હું વિસ્મયમાં છું અને આશ્ચર્યમાં પણ છું. હું રમૂજ પણ કરાવું છું, અને રોમાંચ પણ આપું

છું. હું દેશવાસીઓની રગોમાં દોડતું ચેતન છું, હું રાષ્ટ્રભક્તોના અનુપમ સૌંદર્યમાં છું.

હું ગાંધીના સત્ય અને અહિંસાના આયુધોમાં છું. દુનિયા જેને વિસ્ફારિત નયને જોઈ રહી તે દાંડીકૂચની ધર્મયાત્રા છું. અનેક પેઢીઓએ દાખવેલી 'સરફરોશીની તમન્ના'માં હું છું. ગુર્જરોને યુદ્ધની હોળી ખેલવા ઉદ્‌બોધતા મેઘાણીના 'કસુંબલ રંગમાં' હું છું. 'ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી' સુભદ્રાકુમારી ચૌહાણ લિખિત આ ગીતની પંક્તિઓ દ્વારા મેં જ તો વીરોમાં પ્રાણ ફૂંક્યો. 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે.' તિલકની આ સિંહગર્જનામાં હું છું. તો 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દૂંગા, નેતાજી સુભાષચંદ્ર બોઝના આ ધનુરટંકારમાં હું છું. 'નિયતિ સાથે મુલાકાત' પંડિત જવાહરલાલ નેહરુનું આ ભાષણ કે જે ૨૦મી સદીના સૌથી અદ્‌ભુત ભાષણોમાં સ્થાન પામ્યું છે, તેના ગરિમાપૂર્ણ શબ્દોમાં હું છું. वसुधैव कुटुम्बकम् ગાંધીજીએ પુરસ્કૃત કરેલી આ ભાવનામાં હું છું. હું સ્વામી વિવેકાનંદના ઓજસ્વી વચનો તથા ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ અને રામપ્રસાદ બિસ્મીલની નીડરતામાં છું. હિન્દવી સ્વરાજ્યનો પાયો નાંખનાર સંભાજી મહારાજની ખુમારી અને અપ્રતિમ બલિદાનમાં હું છું. ભારતમાંના અંગ્રેજ સામ્રાજ્યવાદને અંતિમ પડકારરૂપ અને જનક્રાંતિના સિમાચિન્હરૂપ બની ગયેલ અલૌકિક શબ્દ 'ક્વિટ ઈન્ડિયા' માં તમને મારી જ હાજરી દેખાશે. હું ઝળહળતી વિજય પતાકામાં છું. ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭માં ''પાટનગરે આઝાદીના કરેલા વધામણા'' ના રોમાંચમાં હું છું. હું લાગણીઓના આરોહ-અવરોહમાં છું. હું સનાતન છું, સદંતર છું. સ્વતંત્રતા કાજે લડનારા રાષ્ટ્રભક્તોના સબળ અને પવિત્ર મંત્ર 'વંદે માતરમ્' માં હું જ છું. આઝાદીનો હું અદ્‌ભુત રસ છું.

**'વંદે માતરમ્'**

આ ગાન નથી.
આ શાન, બાન ને આન આપણી.
આઝાદીના મહાયજ્ઞની આહૂતિ આ,
રાષ્ટ્રભક્તિની આહલેક આ,
ગણતંત્રના ઉરતંત્રનો મહામંત્ર આ,
વિકાસની આ સતત ધબકતી
અણનમ ઓળખ રહે આપણી...
વંદે માતરમ્... એ...
શબ્દ નહીં, આ મંત્ર આપણો,
આઝાદીની ઊર્જાનો, ધબકાર આપણો,
વિકાસનો આ રાજમાર્ગ છે,
સંકલ્પિત આ રાષ્ટ્રજીવનનો મહામાર્ગ છે,
પ્રજા જીવનની
પ્રત્યેક પ્રભાતની
પ્રબુદ્ધ ચેતનાનો સ્વર આ છે,
વંદે માતરમ્

- વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી રચિત.

હવે કોઈપણ પૂર્વગ્રહ વગર આ શબ્દની ઘટનાના ઈતિહાસે રજૂ કરેલા તથ્યો જાણીએ.

વંદે માતરમ્. રાષ્ટ્રભાવનાનો જ્વલંત મંત્ર એટલે વંદે માતરમ્. સર્વોચ્ચ બલિદાનનું આમ

સૂત્ર એટલે વંદે માતરમ્. આ ગીત સંસ્કૃત નથી પણ સંસ્કૃતિ છે. બલિદાન, સમર્પણ અને ત્યાગની સંસ્કૃતિ. આ ગીત રાષ્ટ્રપ્રેમલક્ષી ગીત છે. રાષ્ટ્રનો ઈતિહાસ, તેની સંસ્કૃતિ, તેની ઉપલબ્ધિઓ, તેની સંઘર્ષ કથાઓ, તેનાં સપૂતોના બલિદાન, તેની પ્રજાનું દેશાભિમાન અને રાષ્ટ્રગૌરવ માટેની તેની ભાવના દર્શાવતું ગીત એટલે વંદે માતરમ્. આ એક ગીત જે પવિત્ર ઋચા બની ગયું. જેણે દેશવાસીઓમાં દેશભક્તિનો પ્રાણ ફૂંક્યો. જેણે સ્વતંત્ર સંગ્રામનો મહાન ઉદ્દેશ્ય આપ્યો. સ્વતંત્ર સેનાનીઓ માટે આ ગીત પવિત્ર મંત્ર બની ગયું. આ ગીતે માતૃભૂમિને સુજલામ્, સુફલામ બનાવવા પ્રેરિત કર્યા. આ ગીતના અદ્ભુત શબ્દોથી હજારો વર્ષોથી સુષુપ્ત પડેલો દેશ ઊર્જાથી સંક્રમિત થયો. આ ગીતે દેશને આત્મસન્માન આપ્યું, દેશને પ્રેમની શીખ આપી. આજે પણ બલિદાન અને દેશપ્રેમની જ્વાળા આ ગીતની અંદરથી ઓછી નથી થઈ. આજે પણ આ ગીતનો પ્રભાવ અક્ષુણ્ણ છે.

વંદે માતરમ્ ગીતનો પણ એક ઈતિહાસ છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની નાનકડી દીકરીએ પૂછેલા એક પ્રશ્નના ‘જે માતૃભૂમિની તમે ઘણી સ્તુતિ કરો છો તે કેવી છે તે મને કહોને! પ્રખર રાષ્ટ્રભક્ત બંકિમચંદ્રને આ પ્રશ્નનો ઉત્તર તેમની રેલગાડીની અવારનવાર થતી મુસાફરી દરમિયાન નિહાળેલી ભારતભૂમિના સૌંદર્યમાંથી મળ્યો.

વાત એમ હતી કે ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામના કાલ ખંડમાં સાહિત્યકાર કવિ બંકિમચંદ્ર નાયબ મેજિસ્ટ્રેટ પદે હતા. ૧૮૭૦-૮૦ના દાયકામાં બ્રિટિશ શાસકોએ ‘God Save The Queen’ ગીત ગાવાનું ફરજિયાત કર્યું. બંકિમચંદ્ર અધિકારીઓના આ આદેશથી ખૂબ જ દુઃખ અનુભવતા. વળી પ્રખર દેશભક્ત હોવાના કારણે તેઓ સરકારી નોકરીમાં અંગ્રેજોની વક્ર દૃષ્ટિનો ભોગ બનતા. આથી એમની એક સ્થાનેથી બીજા સ્થાને વારંવાર બદલી થયા કરતી. આ સમયે રેલગાડી દ્વારા અવારનવાર થતી મુસાફરી દરમિયાન નિહાળેલી ભારતભૂમિ... માતૃભૂમિના અલૌકિક સૌંદર્ય અને સમૃદ્ધિમાં તેમને પુણ્યદર્શના ભારતમાતાના દર્શન થયા. બંગાળમાં દુર્ગામાતા પ્રત્યે લોકોમાં સવિશેષ ભક્તિ જોવા મળે છે. બંકિમચંદ્રએ ભારતમાતાને જ દુર્ગામાતા સ્વરૂપ નિહાળી અને એમાંથી જ સ્વાનુભૂતિથી આલેખાઈ માતૃભૂમિની દિવ્ય સ્તુતિ. ૧૮૭૬માં ‘God Save The Queen, ના પ્રત્યુત્તર તરીકે તેમણે અંગ્રેજોને જે જવાબ આપ્યો તે હૃદયના ભાવે શબ્દરૂપે કલમમાંથી મંત્ર પ્રગટ્યો, વંદે માતરમ્.

૭ નવેમ્બર ૧૮૫૭ના રોજ બંકિમચંદ્રની કલમમાંથી વંદે માતરમ્ મંત્રનું અવતરણ થયું. ૧૮૮૨માં પ્રકાશિત તેમની પ્રખ્યાત નવલકથા ‘આનંદ મઠ’માં વંદે માતરમ્ ગીતનો સમાવેશ કરવામાં આવ્યો. આ વખતે ‘આનંદમઠ’ અને ‘વંદે માતરમ્’ બંને જનમાનસ પર છવાઈ ગયા. ઈ.સ. ૧૭૭૦ના ગાળામાં બંગાળમાં પડેલો ભીષણ દુષ્કાળ, ઈ.સ. ૧૮૫૭ની નજરે જોયેલી ઘટનાઓ, પોતે અનુભવેલા સ્પંદનો, ભારતની

સ્વતંત્રતા માટે લડી રહેલા ક્રાંતિવીરો અને પોતાના હાથે લાગેલા 'સંન્યાસી-વિદ્રોહ' સંબંધિત દસ્તાવેજોએ બંકિમચંદ્રને એક ઐતિહાસિક કૃતિ લખવા પ્રેર્યા. અને તેમાંથી રચાઈ 'આનંદ મઠ' નવલકથા. જે માતૃભૂમિ પ્રત્યે ભાવાર્મિઓને પ્રગટ કરતી ઐતિહાસિક સત્ય ઘટનાઓ પર આધારિત નવલકથા છે. જેમાંનું વંદે માતરમ્ ગીત ભારતની સ્વતંત્રતા કાજે લડનારા ક્રાંતિવીરોનો મહામંત્ર બની ગયો.

દેશપ્રેમને પ્રગટ કરતો વંદેમાતરમ્ મંત્ર અને 'આનંદ મઠ' નવલકથાને સાચા અર્થમાં ભારતીય જનતા સમક્ષ લાવવાનું શ્રેય યોગી અરવિંદને જાય છે. બંકિમચંદ્રના આ સર્જન માટે અરવિંદે 'ઋષિ બંકિમ' અને 'રાષ્ટ્ર નિર્માતા'નું સંબોધન પ્રચલિત કર્યું. વંદે માતરમ્ ગીતનો અંગ્રેજી અનુવાદ શ્રી અરવિંદે કર્યો હતો.

ઈ.સ. ૧૮૮૬માં ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસની સ્થાપનાના બીજા વર્ષમાં કવિ હેમચંદ્ર દ્વારા કોલકત્તા સત્રના મંચ પરથી વંદેમાતરમ્ ગીતના કેટલાંક અંશો ગાવામાં આવ્યા હતા. બંકિમચંદ્રના મૃત્યુ બાદ બે વર્ષ પછી કવિવર ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે વંદેમાતરમ્નું સ્વર-નિયોજન કર્યું અને ૧૮૯૬માં કલકત્તામાં મળેલા ''ધ ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસ''ના બારમા અધિવેશનમાં તેમણે સૌથી પહેલાં પૂર્ણ ગીત ગાયું. પછી તે તુરંત જ ક્રાંતિવીરોના આંદોલનનો મહામંત્ર બની ગયો. જ્યારે મહાત્મા ગાંધીજીએ પ્રથમવાર આ ગીત સાંભળ્યું ત્યારે શુદ્ધ રાષ્ટ્રીય ભાવનાના દર્શન કરાવતા આ ગીતથી તેઓ રોમાંચિત થઈ ઊઠ્યા હતા. લોકમાન્ય તિલકને વંદેમાતરમ્ ગીતમાં એટલી બધી શ્રદ્ધા હતી કે તેમણે તેને શિવાજીની સમાધિની કમાન પર કોતરાવી દીધું. સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહત્વની ભૂમિકા ભજવનાર શ્રી ચરણદાસે કલકત્તામાં યોજાયેલા બીજા સંમેલનમાં આ ગીત ફરીથી ગાયું હતું. ૧૯૦૧થી કૉંગ્રેસના દરેક અધિવેશનમાં વંદેમાતરમ્ ગાવામાં આવતું હતું. ૧૯૦૫ના બનારસ સંમેલનમાં સ્વાતંત્ર્ય સેનાની સરલા દેવી ચૌધરાનીએ આ ગીતને અવાજ આપ્યો. બંગાળના ભાગલા પછી 'વંદે માતરમ્' સંપ્રદાયની સ્થાપના પણ થઈ. ૬ ઑગસ્ટ ૧૯૦૫ના રોજ બંગાળના વિભાજનના વિરોધમાં લગભગ ટાઉનહૉલની બેઠકમાં ૩૦ હજાર ભારતીયોએ સાથે મળીને આ ગીત ગાયું હતું. આઝાદીની લડતમાં ક્રાંતિવીરો અને રાજકીય કાર્યકર્તાઓ માટે તે રાષ્ટ્રીય ગીત તરીકે ગવાતું હતું. વંદેમાતરમ્નો ગગનભેદી જયઘોષ દસે દિશાઓમાં ગૂંજી ઉઠતો અને એ જ જયઘોષ સમગ્ર રાષ્ટ્ર માટે સંઘર્ષનો નારો બની ગયો. આ નારાએ અંગ્રેજ સરકારની ઉંઘ હરામ કરી દીધી કે તેઓએ આ શબ્દને પ્રતિબંધિત કરવાનું વિચાર્યું. એટલું જ નહીં પણ શાંતિપૂર્ણ સરઘસમાં આ નારા પર પોલીસ નિર્દયતાથી લોકો પર લાઠીઓ વરસાવતી.

લાલા લજપતરાયે લાહોરથી જે જર્નલ પ્રકાશિત કરવાનું શરૂ કર્યું તેનું નામ 'વંદેમાતરમ્' હતું. સ્વતંત્રતા પ્રેમીઓની જીભ પરના છેલ્લા શબ્દો હોય છે વંદેમાતરમ્. ૧૯૦૭માં ૨૨ ઑગસ્ટે મેડમ કામાએ જ્યારે

જર્મનીના સ્ટુટગાર્ટમાં ત્રિરંગો ફરકાવ્યો તેમાં પણ પ્રજાની આકાંક્ષાઓની અભિવ્યક્તિ રૂપે તેની મધ્યમાં દેવનગરી લિપીમાં વંદેમાતરમ્ લખેલું હતું. મેડમ કામા 'વંદેમાતરમ્' નામનું માસિક પણ ચલાવતા હતા. વડોદરાથી પ્રગટ થતા ગુજરાતી સાપ્તાહિક 'સયાજી વિજય' દ્વારા પોતાની વાર્ષિક ભેટ તરીકે ૧૯૦૮માં 'આનંદમઠ' નવલકથાનો ગુજરાતી અનુવાદ 'યોગમાયા' નામથી કરીને તેને ઘેર ઘેર વંચાતી કરી અને તે દ્વારા વંદે માતરમ્‌ને ગુજરાતમાં વ્યાપક પ્રસિદ્ધિ સાંપડી.

અંગ્રેજ સરકારે આમ તો ૧૯૨૦ પછી ભારતીય આઝાદીની પૂર્વ તૈયારીઓ શરૂ કરી દીધી હતી અને બ્રિટનના બીજા સંસ્થાનોની જેમ ભારત પણ મર્યાદિત આઝાદી સ્વીકારી લે તેવી અપેક્ષા રાખવામાં આવતી હતી. આ ચર્ચા લાંબી ચાલતી રહી. સાયમન કમિશનનો અહેવાલ અને મોતીલાલ નહેરુ સમિતિની આઝાદીની રૂપરેખા કોઈ સ્વીકારવા તૈયાર નહોતું. ત્યારે ૧૯૨૮ના કૉંગ્રેસ અધિવેશનમાં જવાહરલાલ નહેરુના અધ્યક્ષપદે 'મુક્કમીલ આઝાદી' (પૂર્ણ સ્વતંત્રતા) 'પૂર્ણ' સ્વરાજનો ઠરાવ ૨૬મી જાન્યુઆરીએ સ્વીકારી લેવામાં આવ્યો. ત્યારથી આપણે ૨૬ જાન્યુઆરીના દિવસે પૂર્ણ સ્વરાજના શપથ લેતા થયા અને તે દિવસ ગણતંત્ર દિવસ તરીકે ઉજવાતો થયો. આઝાદી મળી, બંધારણ તૈયાર થવા લાગ્યું. આ ગણતંત્રની ઉજવણી વખતે રાષ્ટ્રગીતનું ગાન થવું જોઈએ અને અન્ય મહત્ત્વના પ્રસંગે રાષ્ટ્રગીતની જરૂર પડે છે. તેથી રાષ્ટ્રગીતની પસંદગીનો સવાલ ઊભો થયો. આમ તો ૧૯૩૭માં ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસે વંદેમાતરમ્‌ને રાષ્ટ્રગીત તરીકે અપનાવ્યું હતું. પરંતુ જ્યારે રાષ્ટ્રગીતની ખરેખર પસંદગીની વાત આવી ત્યારે કેટલાંક સંવેદનશીલ પ્રશ્નોને કારણે ૨૪ જાન્યુઆરી ૧૯૫૦માં ભારતીય બંધારણ સભાએ વંદેમાતરમ્‌ના સ્થાને રવીન્દ્રનાથ ટાગોરે લખેલા અને ગાયેલા ગીત 'જન ગણ મન'ને રાષ્ટ્રગીત તરીકે સ્વીકારવામાં આવ્યું. અને વંદેમાતરમ્ ગીતને ભારત સરકારે રાષ્ટ્રગીત જેટલી જ મહત્તા આપીને રાષ્ટ્રગાન તરીકે તેનો સ્વીકાર કર્યો છે. જો કે આ બંને ગીતો દેશની ધરોહર સાથે જોડાયેલા છે અને દેશનો ઈતિહાસ, પરંપરા અને સંઘર્ષોને વ્યાખ્યાયિત કરે છે, રાષ્ટ્રભક્તિની ભાવનાને અભિવ્યક્ત કરે છે. વંદે માતરમ્ એ રાષ્ટ્રીય ગાન છે. જે એક દેશ માટે લખાયેલું છે અને તે માતૃભૂમિ પ્રત્યે તીવ્ર આદર, ભક્તિ અને પ્રેમ વ્યક્ત કરે છે. જ્યારે જન-ગણ-મન રાષ્ટ્રીય ગીત દેશમાં વિવિધતામાં એકતા ઉપર ભાર મૂકે છે અને દેશની સમૃદ્ધિ માટે ઈશ્વર પ્રત્યે કૃતઘ્નતા વ્યક્ત કરે છે. આમ રાષ્ટ્રગીત એ આપણા દેશની (કોઈ ચોક્કસ દેશની) સંપ્રભુતા અને એકતાનું પ્રતિનિધિત્વ કરે છે. અને તે રાષ્ટ્રીય અવસરો પર તથા શાળા, કૉલેજો, સરકારી કચેરીઓમાં અને હવે સિનેમાઘરોમાં પણ ફિલ્મ શરૂ થાય તે પહેલાં વગાડવામાં આવે છે.

આઝાદી ચળવળ સમયે નાના મોટા સહુ સ્વાતંત્ર્ય પ્રેમીઓને પ્રેરણા પૂરી પાડનાર ગીત

વંદેમાતરમ્, તેની રચના પછીના ત્રીસેક વર્ષે ૧૯૦૬માં ગુજરાતમાં પહેલી જ વાર ગવાયું હતું અને તે પણ અમદાવાદમાં. (વિશ્વકોષમાં 'આપણા રાષ્ટ્રીય પ્રતીકો'માં લેખિકા રક્ષા વ્યાસે આ માહિતી આપી છે.) ૧૯૦૬માં અમદાવાદના ગાંધી માર્ગ પરના એક મકાનમાં સ્વદેશી ચળવળ અંગે ભરાયેલી સભામાં હાજર આશરે ૫૦ વિદ્યાર્થીઓમાં બંગાળીઓ પણ હતા. તેમાં પ્રથમવાર વંદેમાતરમ્ ગીતનું ગુજરાતી રૂપાંતર ગાવામાં આવ્યું હતું. ૧૯૦૭માં સૂરત ખાતે હિન્દી રાષ્ટ્રીય મહાસભા મળી ત્યારે પણ વંદે માતરમ્નું ગાન કરવામાં આવ્યું હતું. આપમેળે એક રાષ્ટ્રગીત બની ગયેલા આ ગીતનો પછીના ગાળામાં 'નવજીવન' અને 'સત્ય સામાયિકો'માં સમશ્લોકી ગુજરાતી અનુવાદ પણ પ્રગટ થયો હતો. ૧૯૪૧-૪૨માં વંદેમાતરમ્ ગુજરાતી દૈનિક મુંબઈથી પ્રસિદ્ધ કરનારા હતા ગુજરાતી વ્યક્તિ શામળદાસ ગાંધી. જે ગીતની કલ્પનામાં મા ભારતીની ભવ્યતા, અખંડતા અને વિહવળતાનો ત્રિવેણી પ્રવાહ વહે છે તેવા ગીતને લઈને ગુજરાતી ચિત્રકાર મગનલાલ ત્રિવેદીએ ૧૯૦૬-૦૭ના ગાળામાં હિન્દુસ્તાનના નકશાને હિંદની દેવી કલ્પીને એક સુંદર ચિત્ર તૈયાર કરેલું, જેની લાખો નકલો દેશભરમાં પ્રસરતા વંદેમાતરમ્ ગીત પ્રજા હૃદયમાં સ્થાન પામ્યું.

સ્વાતંત્ર્ય ચળવળમાં લોકોને હિંમત, જુસ્સો પૂરું પાડતું આ ગીત ભારતના લોકોમાં આજે પણ દેશભક્તિ જગાડીને રાષ્ટ્રાભિમાનની સંવેદના સ્થાપિત કરી શકે છે. સ્વાતંત્ર્ય દિન, પ્રજાસત્તાક દિન જેવા રાષ્ટ્રીય પર્વો ઉપરાંત ભારતનો ઈતિહાસ અને સંસ્કૃતિ દર્શાવતા પ્રસંગોમાં પણ આ ગીત ગાવામાં કે વગાડવામાં આવે છે.

૨૦૦૩માં બી.બી.સી. (British Broad-casting Corporation) વર્લ્ડ સર્વિસ દ્વારા હાથ ધરવામાં આવેલા આંતરરાષ્ટ્રીય મતદાનમાં અત્યાર સુધીના દસ સૌથી લોકપ્રિય ગીતોની પસંદગી કરવા માટે વિશ્વભરમાંથી અંદાજે ૭૦૦૦ ગીતો લેવામાં આવ્યા હતા. આનંદમઠ ફિલ્મમાંથી લેવામાં આવેલું વંદેમાતરમ્ ગીત તેના ઑલ ઈન્ડિયા રેડિયો કે અન્ય કોઈપણ આવૃત્તિમાં બીજા ક્રમે રહ્યું. (પ્રથમ સ્થાન - A Nation Once Again)

વંદેમાતરમ્... ગંગાના પ્રવાહ જેવો છે આ મંત્ર. જે માન સરોવરમાંથી ગંગાની જેમ સૂર્યના કિરણોથી સુવર્ણ સરખો ચમકે છે.

બ્રિટિશ લાઠીઓ અને બૂટોના જવાબની સામે જે રાષ્ટ્રભક્તોનો આશ્ચર્યકારક રીતે પવિત્ર પ્રેરણા રસ બન્યો હતો તે જ તો હું અદ્ભુત રસ!

અદ્ભુત રસ - અદ્ભુત રસનો રંગ આમ તો પીળો છે. પણ જુઓ! આ રસનો ઈતિહાસ કેટલો રોમાંચક છે! કેટકેટલા આશ્ચર્યો સર્જ્યા છે! કેટકેટલાં લોકોને પ્રેરણા પૂરી પાડી છે! ખુશીના સમયે વિસ્ફારિત નયનોમાં અશ્રુ આપ્યા છે! સંઘર્ષના સમયે વિસ્મય તો ઉપલબ્ધિના સમયે સ્મિત આપ્યું છે. કેટકેટલા રંગ અદ્ભુત રસના!

# નિબંધ લેખનનું શિક્ષણ

- ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા

નિબંધ એટલે બંધન વિનાની કૃતિ. તેમાં વિશેષ પ્રકારનું બંધન કે સંગઠન હોય છે. આપેલા વિષય અંગે પોતાના જ્ઞાન આધારિત વિચારો સાથે પોતાના વિચારો-અભિગમ રજૂ કરવાની કૃતિ. નિબંધ વર્ણનાત્મક, ચિંતનાત્મક, ભાવાત્મક, આલોચનાત્મક, વિવરણાત્મક, પ્રવાસ, હાસ્ય કે ચરિત્ર જેવા પ્રકારના હોય છે. તેના પ્રકારને સમજીને વિષયની જ્ઞાનાત્મક વિચાર સાથે સ્પષ્ટતા કરવી જરૂરી છે.

નિબંધના માળખામાં ત્રણ ભાગ જોવા મળે છે. (૧) **આરંભ :** નિબંધનો આરંભ તેના વિષયને અનુરૂપ અને અનુકૂળ કાવ્યપંક્તિ, અવતરણ, નીતિ-બોધકથા, દંતકથા, કહેવત, સુક્તિ દ્વારા થઈ શકે છે. આરંભ અન્યના આરંભથી જુદો પડે તે ધ્યાનમાં રાખવું જોઈએ. (૨) **મધ્યમ ભાગ :** નિંબધના વિષય સંદર્ભે વિચારો રજૂ કરવાના હોય છે. વિષયનો અર્થ સ્પષ્ટ કરીને, વિષય સંદર્ભે મુદ્દાઓ બનાવી તેનું સ્પષ્ટીકરણ કરવું જોઈએ. વિષય સંદર્ભે ક્યારે? ક્યાં? કેવી રીતે? શું? શા માટે? જેવા પ્રશ્નોમાંથી આપેલા વિષયને - પસંદ કરેલા વિષયને જે પ્રશ્નો સ્પર્શે તેના સંદર્ભે આલેખન કરવું જોઈએ. વિષયને સમયના સંદર્ભમાં વર્તમાન - ભૂત કે ભવિષ્યકાળના સંદર્ભે પણ જરૂરી આલેખન કરી શકાય. વિષય સાથે વ્યક્તિગત અને અન્ય સંબંધ અંગે વિચારીને લખી શકાય. વિષયના સંદર્ભે લાભ-ગેરલાભ અને વધુ લાભાન્વિત થવા માટેના પ્રયાસોને લખી શકાય. આરંભ અને અંત વચ્ચે ઘણા આયામો છે. તે સંદર્ભે વિચારીને લખી શકાય. આ આયામોને ભૂલીને પોતાની શૈલીમાં પણ નિબંધ લખી શકાય. વિષયનો ઈતિહાસ, ક્રમિક વિકાસ, તેના સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય પાસાં, કાયદાકીય જોગવાઈ, વિષયનું સમસામાયિક મહત્વ વિવાદો અને વિશ્લેષણ, રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ - પરિણામો વગેરેને ધ્યાનમાં લઈને તે સંદર્ભે લખી શકાય. નિબંધ આત્મલક્ષી-પરલક્ષી સર્જન છે. આત્મલક્ષીમાં લખનારના પોતાના રસબિંદુ આલંબન અનુસાર પ્રગટે છે. પરલક્ષીમાં લખનાર સાથે બીજાને ધ્યાનમાં રાખીને લેખન થાય છે. પરીક્ષાલક્ષી નિબંધોમાં વિષયને વિશેષ મહત્વ આપી, વિષયનું સ્પષ્ટીકરણ થાય તે મહત્વનું બની રહે છે. વિષય સંદર્ભે પરીક્ષા આપનારના જ્ઞાનની પણ ચકાસણી થાય છે. તે સંદર્ભે વિષયને સુસંગત અવતરણો, કાવ્યપંક્તિઓ, દષ્ટાંતો, સુવાક્યો, કહેવતો, અંતિમ અને સાચા આંકડા, ટુચકા, હાસ્ય-કટાક્ષ, અલંકારિત વાક્યો, સુક્તિઓને સહજતાથી રજૂ કરીને વિષય સુગમ્ય ઘાટ આપવો જોઈએ. (૩) **અંત :** લખનાર વિષયના

સંદર્ભે તરફેણ કે વિરોધ રજૂ કરી સ્પષ્ટ કરી શકે. વિષય સમસ્યા સંદર્ભે હોય તો તેના ઉકેલ અંગે, ભવિષ્યના સંદર્ભે વિચારો રજૂ કરી શકાય. વિષય સંદર્ભે શું જાણવા જેવું છે? શું કરવા જેવું છે? શું બોધદાયક છે? તેની વિગતો આલેખી શકાય.

નિબંધ સ્વઆધારિત છે. લખનાર કોણ છે? કેવો છે? તે પણ તેમાંથી પ્રગટતું હોય છે. નિબંધલેખનમાં કેટલીક કાળજીઓ રાખવી જોઈએ.

- સુવાચ્ય અક્ષરોમાં લેખન કરવું.
- જરૂર વિના એક વાક્યમાં એક જ શબ્દ બે વાર કે વારંવાર ન આવવો જોઈએ.
- શબ્દો યોગ્ય અર્થના સંદર્ભમાં જ પ્રયોજવા જોઈએ.
- મુદ્દા પ્રમાણે ફકરાનું આયોજન કરવું જોઈએ.
- અવતરણો, સુક્તિઓ, વાક્યપંક્તિઓનો ઉપયોગ કરાય તો તેના લેખકનું નામ લખવું જોઈએ. કહેવતો, રૂઢિપ્રયોગોનો ઉપયોગ યોગ્ય હોવો જોઈએ. વાર્તા-પ્રસંગ-દષ્ટાંતનો ઉતારો ન કરતાં પોતાના શબ્દોમાં ટૂંકમાં આલેખન થવું જોઈએ. વિષયની સ્પષ્ટતા માટે જ આલેખન કરવું.
- નિબંધમાં મૌલિકતા જળવાય તે ખૂબ અગત્યનું છે.
- જોડણી, વિરામચિહ્નો અંગે સભાનતા કેળવવી જરૂરી છે.

**નિબંધલેખનનું શિક્ષણ :**

નિબંધ લખનાર નિબંધમાળા કે માર્ગદર્શિકામાં આપેલા નિબંધો લખે, શાળાના વર્ગમાં લખાવાય તો ગોખણપટ્ટી કરી, યાદ રાખીને લખે તે યોગ્ય નથી. તેમાં કોઈ મૌલિકતા કે માળખા-પરિવર્તનો જોવા મળતા નથી. નિબંધ તપાસનારને એક જ ઢબના નિબંધો હોય તેવું લાગે ત્યારે લખનારને નુકસાન થવાનો ખતરો છે જ. પણ આજનો નિબંધ તપાસનાર જો નવીનતાનો આગ્રહી ન હોય, વિચારક કે તે કંઈ લખનારો ન હોય, સારો વાચક ના હોય તો તપાસણી યોગ્ય ન થાય. લખનાર પોતે, પોતાના વિચારોને અન્યોના વિચારો સાથે જોડીને, પોતાની શૈલીમાં, પોતાના જ્ઞાનનો ઉપયોગ કરીને લખે તે જ મહત્વનું છે.

નિબંધલેખનના શિક્ષણ સંદર્ભે શિક્ષક પાસે ઉપરોક્ત કરેલી ચર્ચાના સંદર્ભે સ્પષ્ટતા હોવી જોઈએ. વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થી સમક્ષ તે બાબતે થોડી ચર્ચા કરવી જોઈએ. જેથી વિદ્યાર્થીઓ વ્યવસ્થિત લેખન તરફ દોરાય.

- વર્ગમાં નિબંધલેખન કરાવવું જોઈએ. આ માટે નિબંધલેખનના પાંચ દિવસ પહેલાં વર્ગમાં વિદ્યાર્થી સમક્ષ વિષય અને તેના મુદ્દા જ જણાવવા.
- વિદ્યાર્થીઓ વિષય અને મુદ્દા સંદર્ભે વિગતો એકઠી કરીને ત્રીજા દિવસે લઈને આવે. નિબંધમાળા કે માર્ગદર્શિકાનો ઉપયોગ ન કરવા કહેવું.
- ત્રીજા દિવસે નિબંધના વિષય અને મુદ્દા સંદર્ભે વિદ્યાર્થીઓને એક પછી એક રજૂઆત કરાવવી. સાથોસાથ કા.પા. નોંધ પણ કરવી.

- ચોથા દિવસે અલગ કાગળમાં વિદ્યાર્થીઓને ઘેરથી નિબંધ લખી લાવવા કહેવું. સાથે સૂચના આપવી કે નિબંધમાળા કે માર્ગદર્શિકાનો નિબંધ માન્ય ગણાશે નહિ.
- ચોથા દિવસે વિદ્યાર્થીઓએ લખેલા નિબંધો પ્રથમ તાસમાં જ લઈ લેવા અને તપાસવા.
- પાંચમા દિવસે વિદ્યાર્થીઓએ લખેલા નિબંધો તપાસીને - જરૂરી સુધારા સૂચવીને પરત કરવા અને નિબંધની નોટમાં સૂચવેલા સુધારાને અનુસરીને નિબંધ લખાવવો. નિબંધ લખતી વખતે પ્રાર્થનાખંડમાં કે ચોગાનમાં અલગ અલગ બેસાડીને બોલ્યા વિના - મૌન પાળીને નિબંધ લખાવવો.

ઉપરોક્ત રીતે મારા માધ્યમિક શાળાના સેવાકાળ દરમિયાન કાર્ય કરેલ છે. જેનું ખૂબ જ સારું પરિણામ મળ્યું છે. મારા વિદ્યાર્થીઓને વાંચતાં કરીને, લખતાં કરેલા. કોઈ શિક્ષકને સમય ક્યાં છે? આમ કરવાનો? તેવો પ્રશ્ન થાય. પણ મારા મતે હિતેચ્છુ, વિદ્યાર્થીપ્રેમી, કંઈક નવું કરવાની ઇચ્છા રાખનાર, વિદ્યાર્થીને સુપંથે દોરી જનાર શિક્ષકને સમય પજવતો કે નડતો નથી. જો વિદ્યાર્થીને પરીક્ષામાં સારા ગુણ મળે, નોકરીઓ માટેની પરીક્ષામાં પૂછતા નિબંધો પણ સારી રીતે લખી શકે, અને લેખનરસ કેળવાય તો લેખક બનવા તરફ પ્રયાણ કરે. તેવી આશા રાખનાર શિક્ષક માટે આ કાર્ય સરળ છે. સૌ શિક્ષક ભાષા પ્રેમી બને, સારા વાચક બને, વાંચે-વિચારે-આચરે અને તે માર્ગે વિદ્યાર્થીને દોરે તો સૌ સારા વાનાં થાય જ.

(અનુસંધાન પૃષ્ઠ ૨૨ થી ચાલુ)

પરિણામ આવ્યું. તમે પાસ થાઓ તોય શું અને નાપાસ થાઓ તોય શું - જગ્યા તૈયાર છે. તમે પહેલા આવો તોય શું અને છેલ્લા આવો તોય શું - ખુરશી સલામત છે. પછી ઉત્સાહ અને ધ્યેય અને શ્રમ અને મહેનત શેનાં? બાપુજીની ઑફિસમાં બેસવું છે. બેસજો. પણ એથી કદાચ આખા જીવનમાં તમારે બેસી રહેવાનું હશે. ચાલવાનું ને દોડવાનું ને ચડવાનું ને ઊડવાનું નહીં. બળતણ ઓછું છે. જીવનધ્યેય મોળું છે. દૂર નહીં જવાય. ઊંચે નહીં ચડાય. એ ચિંતા છે. એ ભય છે. બળતણ ઓછું છે. યાત્રા લાંબી છે. ક્યાં સુધી એ પહોંચી શકશે?

વર્ગમાં બે વિદ્યાર્થીઓ બેઠા છે. સરખા લાગે છે. કપડાં સરખાં અને બુદ્ધિ સરખી અને પરીક્ષામાં માર્ક્સ પણ સરખા. પણ અંતરમાં ફેર છે. વિચારોમાં અને સંકલ્પોમાં અને આદર્શોમાં ફેર છે. એકના દિલમાં એક પુણ્ય જીવનધ્યેય પાક્યું છે. બીજાના મનમાં ખાલી તરંગો છે.

આજે સરખા લાગે છે. પણ કાલે ફેર દેખાશે. દિશાઓ જુદી છે. એટલે જીવન જુદાં હશે. બીજ જુદાં છે. એટલે ફળ જુદાં હશે.

વર્ગ ચાલે છે. બંને વિદ્યાર્થીઓ ઉપર નજર છે. એ નજરમાં વહાલ છે. અને પ્રાર્થના છે. એકના હૃદયમાં આકાર પામતું જતું પવિત્ર સ્વપ્ન સિદ્ધ થાય એ પ્રાર્થના. અને બીજાનાં હૃદયમાં એવો કોઈ આદર્શ સંકલ્પ જાગી જાય એવી પ્રાર્થના.

# વિદેશમાં જોખમી બનતો અભ્યાસ

- પ્રવીણ ક. લહેરી

આઝાદી બાદ સારી કારકિર્દીના ઘડતર માટે અને વિદેશમાં વસવાટ કરી ત્યાંના નાગરિક બનીને તગડી કમાણી કરવાનું આકર્ષણ વધતું જાય છે. અમેરિકા, કૅનેડા, ગ્રેટ બ્રિટન, ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલૅન્ડ વગેરે દેશોની શિક્ષણ વ્યવસ્થા એવી છે કે ઉચ્ચ શિક્ષણ આપતી કૉલેજો અને યુનિવર્સિટીઓને સરકાર મદદ કરવા માટે વિદેશના યુવક-યુવતીઓને જુદી જુદી સહાય યોજના હેઠળ શિષ્યવૃત્તિ આપી તેમને ત્યાં અભ્યાસ કરવા આકર્ષતા હતા. અગાઉ ટેક્નોલૉજી, ડિઝાઈન, કાયદો, મૅનેજમેન્ટ, નાણાંકીય બાબતો અંગેના અભ્યાસક્રમોમાં આપણે પછાત હતાં. ૧૯૯૦માં ઉદારીકરણ બાદ ભારતીય શિક્ષણનું ચિત્ર ધરમૂળથી બદલાયેલું છે. આમ છતાં વિદેશમાં અભ્યાસ કરી ત્યાં સ્થિર થવાની ઈચ્છા યુવા પેઢીમાં વ્યાપક રીતે વિકસી છે. દર વર્ષે વિદેશી યુનિવર્સિટીઓ અને દૂતાવાસો મારફત ત્યાંની સરકારો યેનકેન પ્રકારે તેમણે નક્કી કરેલી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ ત્યાં ઉચ્ચ શિક્ષણ માટે આવે જેથી તેના શિક્ષણક્ષેત્ર અને અર્થતંત્રને લાભ કરાવી આપે એવું ચોક્કસ આયોજન કરે છે. આ સમગ્ર કાર્યવાહી ચાલાકીથી થાય છે. આપણા વિદ્યાર્થીઓ અને વાલીઓ મનમાં એક સુંદર સ્વપ્ન સેવે છે. દિકરો કે દીકરી વિદેશ જઈને ભણે, ત્યાં સારી નોકરી કે ધંધો કરે, વિદેશી મુદ્રા (જે મૂલ્યમાં રૂપિયાથી)માં અનેક ગણી વધુ છે તેમાં બચત કરે અને પરિવારની આર્થિક સ્થિતિ સુદૃઢ કરે. તેમની નજર સમક્ષ આવા અનેક કિસ્સાઓ છે જેમાં અતિ તેજસ્વી ન હોય તેવા વિદ્યાર્થીઓએ વિદેશમાં અભ્યાસ કરી, જહેમત કરી સારા નામ અને દામ કમાયા છે. વિદેશમાં વસતા ભારતીય મૂળના લગભગ ૨ કરોડ લોકોમાંથી અડધા ઉપરાંતની સંખ્યા ૧૯૫૦ બાદ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ બાદ ત્યાં રહેલા એન.આર.આઈ.ની છે. અગાઉની પેઢીના ઘણાં વરિષ્ઠ નાગરિકોએ વિદેશની નાગરિકતા હોવા છતાં લાંબાગાળાના વિસા હેઠળ ભારતમાં રહેવાનો વિકલ્પ પસંદ કર્યો છે. વિદેશમાં અભ્યાસ, વિદેશમાં કારકિર્દી, સારી કમાણી, નોંધપાત્ર બચત અને પરિવારના સભ્યોને પણ સ્થાયી કરી સુખનો ગુણાકાર કરવાનો ઉપક્રમ ચાલતો હતો. આ સઘળું સારું હતું અને યુવક-યુવતીઓ આ માર્ગે આગળ વધે તેમાં કશું અનુચિત નથી તેવી લાગણી સર્વત્ર હતી.

વિદેશી શૈક્ષણિક સંસ્થાઓ મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે અને સ્થાનિક વિદ્યાર્થી માટેની ફી કરતાં પાંચ-છ ગણી ફી વસૂલે છે. આપણા વિદ્યાર્થીઓ તેમને

વહાલા લાગે તે સ્વાભાવિક છે. જો કે વિદેશમાં કે ભારતમાં અન્ય દેશના લોકો પ્રતિ ભેદભાવનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તાજેતરમાં અમદાવાદની સરકારી સમરસ હોસ્ટેલોમાં ઘટેલી ઘટનાએ ચિંતા પેદા કરી છે. આપણી યુવાપેઢીમાં વિદેશીઓ પ્રત્યે આવી દ્વેષભાવના રાખશે તો આપણા વિદેશમાં ભણતા વિદ્યાર્થીઓ માટે મુશ્કેલીઓ થશે. ૧૯૫૦-૬૦ના દસકાઓમાં જ્યારે મોટી સંખ્યામાં ડૉક્ટરો-એન્જિનિયરો, પોસ્ટ ગ્રેજ્યુએશન માટે વિદેશ જવા લાગ્યા ત્યારે દેશમાં 'આ બ્રેઈન ડ્રેઈન' (સક્ષમ લોકોની હિજરત) અટકાવવા ઝુંબેશ ચાલી હતી. સરકારે આડકતરી રીતે વિદેશ જવા માટેની જરૂરી પરીક્ષાઓ ભારતમાં ન યોજાય તે માટે પ્રતિબંધો મૂક્યાં હતાં. ભારતની વસ્તી જ્યારે ૧૦૦ કરોડને આંબી (લગભગ ઈ.સ. ૨૦૦૦માં) ત્યારે ૨ કરોડ ભારતીયો જે વિદેશમાં હતાં તેની કુલ આવક રૂપિયામાં ગણીએ તો દેશના ૧૦૦ કરોડ લોકોની આવક બરાબર હતી. આજે આ ચિત્ર બદલાયું છે કારણ કે યુએસએ, યુરોપ, કૅનેડા, ઑસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ મંદીના વમળમાં ફસાતા જાય છે. બેરોજગારીનું પ્રમાણ વધતાં વિદ્યાર્થીઓને ભણવા સાથે કામ કરીને કમાણીની તકો પણ ઘટી છે. આંતરરાષ્ટ્રીય ધોરણે સર્વેક્ષણના બહાને ભારતની કૉલેજો-યુનિવર્સિટીઓની ગુણવત્તા નીચી છે તેવો વ્યવસ્થિત પ્રચાર થઈ રહ્યો છે તેની પાછળ વિદેશી સરકારો પોતાની શૈક્ષણિક સંસ્થાઓની ભારતીય વિદ્યાર્થી દ્વારા થતી જંગી આવક ટકાવી રાખવા આવા પેંતરા કરે છે. અગાઉ સુશિક્ષિત વિદેશીઓને નાગરિકત્વ આપીને પોતાની કૌશલ્ય ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાત પૂરી કરવામાં વિદેશોને સાનુકૂળતા રહેતી હતી. અમેરિકા અને યુ.કે.ની આરોગ્યસેવામાં કે નાસા અને સિલિકોન વેલીમાં ભારતના અનેક ડૉક્ટરો અને ઈજનેરોનું પ્રદાન આંખે વળગે તેવું છે.

અનેક ભારતીય મૂળના લોકોની ઝળહળતી સફળતાથી અંજાઈને યુવાવર્ગને વિદેશ જવાની તીવ્ર ઈચ્છા હોય તે સમજી શકાય પરંતુ હવેની સ્થિતિ તદ્દન અલગ છે. આજે ઉત્સાહમાં અને આશા સાથે વિદેશ અભ્યાસ કે સ્થાયી થવા જતા પહેલાં હજાર વખત વિચાર કરવો જોઈએ. તાજેતરમાં સદ્‌વિચાર પરિવારમાં એક બહેન મદદ માટે આવ્યા તેમની વ્યથા અને કથા સાંભળીને મને ખૂબ રંજ થયો. એક મધ્યમવર્ગ દંપતી, એક જ દીકરી, ભણવામાં હોંશિયાર, વિચારવર્તનમાં સમજુ અને માતા-પિતાને અચ્છે જોવા મળે તે માટે ખૂબ લાગણીશીલ. ધોરણ-૧૨ની પરીક્ષા સારા માર્કે પાસ કરી. તેણે ઓનલાઇન ખૂબ શોધખોળ કરી કૅનેડાની એક યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. માતા-પિતાની અલ્પ બચત વપરાઈ જાય, બૅંકની લોન લેવી અને આર્થિક રીતે પછાત વ્યક્તિઓ માટેના નિગમમાંથી સહાય/લૉન મળશે તેવી ગણતરી સાથે શરૂઆતના ખર્ચની જોગવાઈ કરી તે કૅનેડા ઉચ્ચ અભ્યાસ માટે પહોંચી ગઈ. તેના મનમાં એમ આશા હતી કે ગમે તે કામ મળી જશે.

અને તે આવકના કારણે ત્યાંના ખૂબ મોટા ખર્ચને પહોંચી વળશે. 'ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થવાનું છે.' તો આ યુવતીનું શું ગજું કે ભવિષ્ય જોઈ શકે? કેનેડામાં મંદીના દોરમાં દરરોજ ૨૦-૩૦ જગ્યાએ કામ માટે ઓનલાઇન અરજી કરી પણ પ્રત્યુત્તરમાં શૂન્ય. આર્થિક પછાત વ્યક્તિઓ માટેના નિગમમાં અરજીઓનો ભરાવો અને આચારસંહિતાની જડબેસલાક બ્રેક - દીકરી મૂંઝાણી. તેણે ફીમાં બચત કરવા ડિગ્રી કોર્ષનું એડમિશન ડિપ્લોમામાં ફેરવ્યું. મા-બાપ માટે કોઈ જગ્યાએથી સહાય મેળવવાની સંભાવના ધૂંધળી થઈ. દીકરીને પાછી બોલાવી લઈએ પણ પરત આવવાની ટિકિટની મોટી રકમ ક્યાંથી લાવવી? જો કેનેડા પૈસા ન મોકલે તો દીકરી માટે મુશ્કેલીઓ પારાવાર થાય તેવી સ્થિતિ. જે અલ્પ મિલકત હતી તે બૅંકમાં ગિરવે હતી. સારા સપનાઓ સાકાર થશે તેવી આશામાં એક ઉતાવળિયું પગલું સમગ્ર પરિવાર (ત્રણ જણા) માટે દુઃસ્વપ્નમાં ફેરવાઈ ગયું. આ દુઃખદ ઘટનામાં સમાજના શ્રેષ્ઠીઓની મદદ ન મળે અને ક્યાંક ખાનગી ધીરધાર કરતા લોકોની પકડમાં આવે તો કેવા બેહાલ થાય તેનાથી સૌ વાકેફ છે. આવો જ બીજો એક દુઃખદાયક કિસ્સો સુરતના વર્તમાનપત્રો મારફત આપણી સામે આવ્યો. મધ્યમવર્ગના દંપતીએ પેટે પાટા બાંધી પુત્રને ભણાવ્યો. ઉચ્ચ અભ્યાસ માટે દેવું કરીને વિદેશ મોકલ્યો. દીકરો ભણી-ગણી કમાવવા લાગ્યો પણ માતા-પિતા સાથે સંપર્ક કાપી નાખ્યો. એક બાજુ પુત્રનું કઠોર દિલ અને બીજી બાજુ દેવાના બોજા હેઠળ દબાયેલું દંપતી. જ્યારે સ્થિતિ અસહ્ય બની ત્યારે મા-બાપે આત્મહત્યા દ્વારા પોતાની ન કહેવાય ન સહેવાય તેવી સ્થિતિમાંથી છૂટકારો મેળવ્યો. આપણને સૌથી આઘાતજનક બાબત તો એ જાણવા મળી કે મરનાર મા-બાપે એક જ ઈચ્છા કરી હતી કે અમારા અંતિમ સંસ્કારમાં પુત્રનો હાથ પણ અમને અડવો ન જોઈએ. આપણા સમાજની આ હાલત જોઈએ ત્યારે એક જ વિચાર આવે કે કળિયુગમાં સ્વાર્થ ક્યાં જઈને અટકશે?

વિદેશમાં અભ્યાસ કરવાની જવાની ઘેલછામાં ખૂબ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૧માં ૪.૪૦ લાખ વિદ્યાર્થીઓ વિદેશ ગયા હતા. તેની સામે વર્ષ ૨૦૨૨માં આ સંખ્યા ૭.૫ લાખ પહોંચી હતી. આમાંના મોટાભાગના વિદ્યાર્થીઓને સગાં-વ્હાલાં, મિત્રો કે કૉલેજોમાંથી, વિદેશ જઈએ તો ભવિષ્ય ઉજ્જવળ બને તેવી પ્રેરણા મળી હોય છે. સાથે સાથે વિદેશી સરકારો અને યુનિવર્સિટીઓ સમયાંતરે સેમિનારો, પ્રદર્શનો યોજીને સોશિયલ મિડિયા તથા વર્તમાન પત્રોમાં જાહેરાતો આપીને, મોટું કમિશન આપીને અને શિષ્યવૃત્તિની લોભામણી વાતો કરીને યુવાવર્ગને લલચાવે છે. કેનેડા, અમેરિકા, ઑસ્ટ્રેલિયા, બ્રિટન, સિંગાપોર જેવા ઇંગ્લિશ ભાષી દેશોમાં સ્નાતક કક્ષાના કોર્ષ માટે ૩૦ હજારથી ૬૦ હજાર અમેરિકન ડૉલરનો ખર્ચ સહેજે આવે છે. આમ રૂપિયા

૨૫-૩૦ લાખથી શરૂ કરીને રૂપિયા ૫૦-૬૦ લાખના વાર્ષિક ખર્ચ પરવડી શકે તેમણે જ વિદેશ ભણવા જવાની ઈચ્છા વ્યક્ત કરવી. બે-ત્રણ કે ચાર વર્ષના કોર્સમાં રૂપિયા એકથી બે કરોડનો ખર્ચ કર્યા બાદ તમારી રોજગાર માટેની લાયકાતમાં કોઈ નોંધપાત્ર વધારો થતો નથી.

હવે જ્યારે ભારતમાં અનેક ખાનગી યુનિવર્સિટીઓ ખૂબ લાંબો સમય ભણતર અને વાતાવરણ પૂરું પાડે છે ત્યારે હવે જ્યારે ભારતમાં ભણતરમાં વિવિધતા આવી છે. શ્રી સામ પિત્રોડાના વડપણ હેઠળ રચાયેલા નોલૅજ કમિશને દેશમાં ૨૦ હજાર કૉલેજો અને ૧ હજાર જેટલી યુનિવર્સિટીની જરૂરિયાત દર્શાવી હતી. તે મને પણ વધારે પડતી આશાવાદી જણાતી હતી. આજે તો કોઈ કોઈ યુનિવર્સિટીઓ ૧૫૦ થી ૨૦૦ વિષયો ભણાવે છે. તેમાં ૨૦, ૨૫ કે ૩૦ હજાર વિદ્યાર્થીઓ હોય ત્યારે વિદેશ ભણી મીટ માંડવાની કોઈ જરૂર નથી. વિદેશી સરકારો અને સંસ્થાઓનો પ્રચાર પોતાના સ્વાર્થ માટે છે તેમ સમજીને કોઈ ઉતાવળો નિર્ણય ન કરવા માટે યુવાવર્ગ અને વાલીઓને મારી વણમાંગી સલાહ છે. આજે વિદેશ જવાના કે ન જવાના નિર્ણયમાં દ્વિધા થાય તે સ્વાભાવિક છે. શું મુશ્કેલીઓ સામે ઝઝૂમ્યા વિના ઉત્તમ કારકિર્દીનું ઘડતર થઈ શકે? આજે આર્થિક સ્થિતિ નબળી છે તેમાંથી બહાર આવવા માટે ઉચ્ચ શિક્ષણ ખૂબ જરૂરી અને ઉપયોગી છે. ત્યારે શું જોખમ લીધા વિના તકથી વંચિત રહેવું? મોટા-મોટા ઉદ્યોગપતિઓને અબજોની લૉન લેવી જ પડે છે ને? સાહસ અને ઉદ્યમ વિના સફળતા ન મળે. હકીકતમાં ધંધા-રોજગારમાં ઘણાં લોકો લૉન લે છે. અમુક તેના યોગ્ય ઉપયોગથી ખૂબ આગળ વધે છે. પણ ઘણાં લોકો નાદારી નોંધાવી પોતાના અને બૅંકો માટે લાંબાગાળાની સમસ્યાઓ પેદા કરે છે. વર્તમાનપત્રોમાં બૅંકો દ્વારા ગિરો મૂકાયેલી મિલકતોની હરાજીની જાહેરાત વિગતે વાંચીને તો આટલું જરૂર સમજાય છે કે પછેડી કરતાં લાંબી સોડ તાણવી નહિ તે ઉક્તિ અર્થસભર છે.

મારા નમ્ર અભિપ્રાય મુજબ વિદેશ ભણવા જોવું કે નહિ તેની વિચારણા દરમિયાન નીચે મુજબના પ્રશ્નો જાતને પૂછીને તેના તર્કસંગત અને વ્યાજબી જવાબો શોધીને પછી જ યોગ્ય નિર્ણય કરવો. આમાં વધારે પડતી આશા કે બિનજરૂરી ડર ન રાખવો. સૌથી પહેલો પ્રશ્ન એ છે કે આપણે જે વિષય ભણાવો છે તે ભારતમાં અભ્યાસ માટે ઉપલબ્ધ છે? જો હા તો તેની ગુણવત્તા અને તેના માટે કેટલા રૂપિયાનો ખર્ચ થાય તે ગણતરી કરીને જોવું કે અત્રે અભ્યાસ કરીએ તો કેટલી બચત થાય છે? બીજો પ્રશ્ન એ છે કે વિદેશમાં નાગરિક થવાના, સારી નોકરી મળવાના અને સારી કમાણી કરવાની તક કેવી છે? જો તે દેશમાં મંદી હોય, અભ્યાસનો ખર્ચ અહીં કરતાં છથી સાત ગણો હોય તો ત્યાં જવામાં જોખમ રહેલું છે. અહીં મેડિકલ કૉલેજો, આઈ.આઈ.ટી. કે આઈ.આઈ.એમ.માં પ્રવેશ પરીક્ષા આપી હોય તેમાં નિષ્ફળ જઈએ તો વિદેશમાં રશિયા હોય

કે યુક્રેન, પૉલેન્ડ હોય કે ડેન્માર્ક આપણા વિદ્યાર્થીઓને આવા વિશિષ્ટ અભ્યાસક્રમોમાં પ્રવેશ મળી જાય છે. જો કે વિદેશની મેડિકલ ડિગ્રીઓ સહિત અનેક ડિગ્રીઓને સંબંધિત કાઉન્સિલો માન્યતા નથી આપતી. દેશમાં હજારો ડિગ્રીધારી અહીંની ખાસ પરીક્ષા આપી માન્યતા મેળવવાની પ્રતિક્ષામાં છે.

ત્રીજો પ્રશ્ન એ છે કે આ વિદેશી અભ્યાસ માટે પરિવાર પાસે પૂરતી રકમ છે કે દેવું કરવાનું છે? જો પૂરતી નાણાંકીય સગવડ હોય તો વિદેશમાં ભણવાનો શોખ કે નાગરિક થઈ કમાણી કરી, સારી જીવનશૈલી જીવવાનો અને વિકસિત દેશોની સુવિધાઓ માણવાનો સંકલ્પ જરૂરથી પૂરો કરી શકાય. જો આવા અભ્યાસ માટે દેવું કરવાનું હોય તો દેવાની રકમમાં વ્યાજ ઉમેરીને કુલ દેવું ગણવું જોઈએ. ‘પડે એવું દેવાશે’ના ન્યાયે અધકચરી વિચારણા ઘાતક બને છે તેનું સદાય સ્મરણ રાખવું. વિદેશમાં કામ મળશે અને દેવું ભરી દેશું તેવા વહેમમાં રહીને નિર્ણય ન જ કરવો. દેવું તો પરિકથાની રાજકુંવરી જેવું છે. તે દિવસે ન વધે તેટલું રાત્રે વધે છે. વ્યાજ માટે કોઈ દિવસ આરામનો કે રજાનો નથી હોતો. વ્યાજ પર વ્યાજ અને દંડનીય વ્યાજ સાથે દેવું ભરવામાં નિષ્ફળતા મળે છે ત્યારે પરિવારની મિલકત અને મૂડી પૂરેપૂરી ધોવાઈ જાય તેવી સંભાવના છે. પોતાની મૂડી મિલકત કરતાં વધારે દેવું ન જ કરવું. અપવાદરૂપ કિસ્સામાં મૂડી કરતાં દોઢું-બમણું દેવું કરવું જરૂરી જણાય તો બે-ચાર જાણકાર હિતેચ્છુઓ સાથે નિખાલસ ચર્ચા કરવી જોઈએ.

ચોથો પ્રશ્ન એ વિચારવાનો છે કે વિદેશમાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વધારેમાં વધારે કેટલી કમાણી થઈ શકશે? સાંપ્રત સમયમાં ૫૦થી ૬૦ જેટલી આંતરરાષ્ટ્રીય કંપનીઓનું સૂકાન ભારતીય મૂળના લોકોના હાથમાં છે ત્યારે શું? તેઓ સહુ વિદેશમાં ભણ્યાં હતાં? આ ઉત્તર ના છે. વિશ્વબૅંકના પ્રમુખથી માંડીને અનેક ટોચની મૅનેજમેન્ટ સંભાળતા તજજ્ઞો વડોદરા, બેંગ્લોર, અમદાવાદ, દિલ્લી, કોલકતા, મુંબઈ, કે પૂણે જેવા શહેરોની લબ્ધ પ્રતિષ્ઠિત સંસ્થામાં ભણી આ બહુરાષ્ટ્રીય કંપનીમાં શરૂઆતમાં ભારતમાં, ત્યારબાદમાં એશિયામાં અને પછી વિશ્વમાં બઢતી પામીને ઉચ્ચત્તમ સ્થાને પહોંચ્યા છે. લાયકાત ઉપરાંત અનુભવ અને તેના કરતાં કામગીરીમાં ઉત્કૃષ્ટતાએ તેમને અકલ્પ્ય સિદ્ધિઓ અપાવી છે. અનેક બહુરાષ્ટ્રીય કંપનીઓ આજે પણ ભારતમાં વિશાળ પાયે ભરતી કરે છે. માત્ર કૅમ્પસ પ્લેસમેન્ટ પર ભરોસા રાખી ન બેસી રહેતાં ઓનલાઈન અરજીઓ (થાક્યા વિના) કરતાં રહેશો તો ખબર પણ નહીં પડે અને ભાગ્ય આડેનું પાંદડું ખસી જશે.

પાંચમો વિચારણાલાયક મુદ્દો એ છે કે કારકિર્દીનું ઘડતર એ જીવનની ખૂબ મહત્ત્વની બાબત છે. જે કામગીરી મળે તે પૂર્ણ નિષ્ઠા અને પૂર્ણ ક્ષમતા સાથે કરશો તો તે સફળતાની સીડીઓના સોપાન સટાસટ ચડતાં રહેશો. ક્ષમતા અને કૌશલ્યની સર્વત્ર કદર થાય છે તે ભૂલશો નહિ. જોખમ હંમેશા સમજી વિચારીને જ લેવું. ભય અને ભ્રમણા વચ્ચે આપણને કે

પરિવારને નુકસાન થાય તેવું કશું કરવું નહિ.

આજના સંદર્ભમાં કારકિર્દી માટે થોડાં સૂચનો કરવા જરૂરી છે :

આપણે ડિજીટલ યુગમાં જીવીએ છીએ. તમામ પ્રકારની ડિજીટલ કુશળતાની વિશ્વમાં માંગ વધતી જાય છે. ડિજીટલ ક્ષેત્રમાં એક કે બે નહીં પણ પાંચ-સાત અભ્યાસક્રમો કરવા હિતાવહ છે. જેમ કે ટેલી, ડીટીપી, એનિમેશન, ક્લાઉડ, કોમ્પ્યૂટીંગ, સ્ટોરેજ અને રિટ્રીવલ, નવી એપ્લિકેશન બનાવવાની કુશળતા વગેરેની યાદી ખૂબ લાંબી છે. વિવિધ કુશળતા ધરાવતી વ્યક્તિ માટે અંગ્રેજીમાં - Versatile શબ્દ વપરાય છે. જેનું ગુજરાતી કરીએ તો 'બહુમુખી પ્રતિભા' આજની યુવાપેઢી માટે કુશળતામાં વૈવિધ્ય પ્રાપ્ત કર્યા વિના યોગ્ય કારકિર્દીનું ઘડતર શક્ય નથી.

વર્તમાન યુગમાં ખાસ કરીને કોર્પોરેટ દુનિયામાં ઇજનેરે કાયદાઓનું જ્ઞાન રાખવું જરૂરી છે. સલામતી, શ્રમિકોના કાયદાના જ્ઞાન વગર કફોડી સ્થિતિ સર્જાવાનો સંભવ છે. નાણાંકીય બાબતો સાથે કાયદાકીય જોગવાઈની જાણકારી અનિવાર્ય છે. અનેક કંપનીઓમાં વ્યક્તિ સ્વપુરુષાર્થથી અનેક પ્રકારનું કૌશલ્ય હાંસલ કરે છે. આજે સૌ કહે છે કે આર્ટિફિશલ ઈન્ટેલિજન્સ એ ભવિષ્યમાં સૌથી મહત્વનું ક્ષેત્ર બનશે. રોબોટિક્સના વિકાસથી અનેક કામો થશે. ડ્રોનનું આખું વિજ્ઞાન અલગ હશે. ગ્રીન એનર્જીના નિષ્ણાંતોની જરૂરિયાત વધશે. આપણને જાણીને નવાઇ લાગે કે આ ઉભરાતા વિષયોના અભ્યાસ માટે ઓનલાઇન પૂરતી સવલતો છે. આમાંની ઘણી તો નિઃશુલ્ક કે ખૂબ ઓછા ખર્ચે ઉપલબ્ધ છે. આજથી આઠ-દસ વર્ષ પહેલાં અમેરિકાની ખૂબ જાણીતી યુનિવર્સિટી સ્ટેન્ડફોર્ડ આર્ટિફિશલ ઈન્ટેલિજન્સનો કોર્ષ નિઃશુલ્ક શીખવતી હતી. આજે પણ અનેક કૌશલ્ય નિર્માણના વિડીયો યુ-ટ્યુબ પર જોઈ શકાય છે. કાર્ય સારી રીતે થઈ શકે તેવી કુશળતા પ્રાપ્ત થાય છે. વિદ્યાર્થીઓ અને વાલીઓને મારી વિનંતી છે કે ખૂબ ખર્ચાળ શિક્ષણનો મોહ છોડીને કારકિર્દી ઘડતરમાં ઉપયોગી થાય તેવી ડિજિટલ કુશળતા અને અનેકવિધ કામો કરવાની ક્ષમતા વિકસાવવા માટે જો કાળજી કરશો તો નિશ્ચિત રીતે ઉજ્જવળ ભવિષ્ય ઘડાશે.

વિદેશ ભણવા ગયેલાં વિદ્યાર્થીઓ જ્યારે મુશ્કેલીના વમળમાં ફસાય છે ત્યારે મને કવિ રાકેશ સાગરની પંક્તિઓનું સ્મરણ થાય છે.

''કૈંક કોમળ ફૂલના અરમાન ડૂબી ગયાં,
એમ લાગ્યું કે બે ઘડી ભગવાન ડૂબી ગયાં.
હૈ પ્રભુ ! તારા નયનમાં આંસુ આવ્યા નહિ,
સાવ ભોળા આપણા સંતાન ડૂબી ગયાં.''

❀ ❀ ❀

બાળકોમાં જે સારું હોય તેની આપણે કદર કરીએ તો સારું વધતું જ જશે, પણ જો તેમાં જે અયોગ્ય હોય તે ઉપર જ ભાર દીધા કરીશું, તેને સીધી રીતે કાઢવા લડીશું તો તે ઘર કરી બેસશે.

- ગિજુભાઇ બધેકા

❀ ❀ ❀

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૭૮.૩૩ ટકા પરિણામ :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૨૭-૦૨-૨૦૨૫ થી તા.૧૦-૦૩-૨૦૨૫ દરમિયાન લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની મુખ્ય બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જે એકંદરે ૭૮.૩૩ ટકા રહ્યું છે. ગયા વર્ષ કરતાં ૩.૨૮ ટકા પરિણામ વધ્યું છે. પરંતુ ગયા વર્ષ કરતાં એ-૧ ગ્રેડ મેળવનારા વિદ્યાર્થીઓ ઘટ્યા છે. આ ઉપરાંત એ-૨ ગ્રેડમાં ૯૦૦ વિદ્યાર્થીઓ ઘટ્યા છે. જયારે આ વર્ષના રેગ્યુલર (નિયમિત) વિદ્યાર્થીઓનું પરિણામ ૮૩.૫૧ ટકા રહ્યું છે. જે ગયા વર્ષ કરતાં ૧.૦૬ ટકા વધ્યું છે. ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ વધી છે. પરંતુ સાથે ૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાઓ વધી છે. આ વર્ષે છોકરાઓનું પરિણામ છોકરીઓ કરતાં પણ વધારે રહ્યું છે. બી-ગ્રૂપ કરતાં એ-ગ્રૂપનું પરિણામ વધ્યું છે.

**કયા ગ્રેડમાં કેટલા વિદ્યાર્થીઓ**

| ગ્રેડ | વર્ષ-૨૦૨૫ | વર્ષ-૨૦૨૪ |
|---|---|---|
| એ-૧ | ૮૩૧ | ૧૦૩૪ |
| એ-૨ | ૮૦૮૩ | ૮૯૮૩ |
| બી-૧ | ૧૫૬૭૮ | ૧૮૫૧૪ |
| બી-૨ | ૧૯૧૯૬ | ૨૨૧૧૫ |
| સી-૧ | ૨૦૦૧૭ | ૨૧૯૬૪ |
| સી-૨ | ૧૬૨૨૬ | ૧૬૧૬૫ |
| ડી | ૩૯૦૯ | ૨૮૪૪ |
| ઈ૧ | ૪૭ | ૦૬ |
| નાપાસ | ૧૬૭૩૮ | ૧૯૭૮૯ |

**ધોરણ-૧૨વિજ્ઞાન પ્રવાહમાં નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ :**

| ગ્રૂપ | નોંધાયેલ | ઉપસ્થિત | પાસ | ટકા |
|---|---|---|---|---|
| એ | ૩૬૪૪૧ | ૩૬૪૨૨ | ૩૩૪૭૧ | ૯૧.૯૦ |
| બી | ૬૪૨૬૫ | ૬૩૧૩૪ | ૫૦૫૦૨ | ૭૮.૭૪ |
| એબી | ૧૯ | ૧૯ | ૧૪ | ૭૩.૬૮ |
| કુલ | ૧૦૦૭૨૫ | ૧૦૦૫૭૫ | ૮૩૯૮૭ | ૮૩.૫૧ |

### વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનું કેટલું પરિણામ

| વિવરણ | વિદ્યાર્થી | વિદ્યાર્થિની | કુલ |
|---|---|---|---|
| નોંધાયેલ નિયમિત વિદ્યાર્થી | ૫૨૯૬૮ | ૪૭૭૫૭ | ૧૦૦૭૨૫ |
| ઉપસ્થિત નિયમિત વિદ્યાર્થી | ૫૨૮૮૮ | ૪૭૬૮૭ | ૧૦૦૫૭૫ |
| પાસ થયેલા ઉમેદવાર | ૪૪૩૧૩ | ૩૯૬૭૪ | ૮૩૯૮૭ |
| પરિણામ ટકામાં | ૮૩.૭૯ | ૮૩.૨૦ | ૮૩.૫૧ |

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં દસ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા વધીને ૩૪ થઈ છે. જે ગયા વર્ષે ૨૭ હતી. જ્યારે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ વધીને ૧૯૪ થઈ છે, જે ગયા વર્ષે ૧૨૭ હતી.

જિલ્લા મુજબ સૌથી વધુ ૯૨.૯૧ ટકા પરિણામ મોરબીનું આવ્યું છે. જ્યારે સૌથી ઓછું ૫૯.૧૫ ટકા પરિણામ દાહોદનું આવ્યું છે.

**ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું વિક્રમી ૮૭.૫૭ ટકા પરિણામ :**

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું રેગ્યુલર, રિપીટર તથા ખાનગી વિદ્યાર્થી સાથેનું પરિણામ ૮૭.૫૭ ટકા આવ્યું છે. જે ગયા વર્ષ કરતાં ૪.૨ ટકા વધ્યું છે. નિયમિત વિદ્યાર્થીઓનું ૯૩.૦૭ ટકા પરિણામ રહ્યું છે. જે ગયા વર્ષ કરતં ૧.૧૪ ટકા વધ્યું છે. જો કે ગયા વર્ષની સરખામણીએ નિયમિત કેટેગરીમાં દસ હજાર જેટલાં વિદ્યાર્થીઓ ઓછા પાસ થયા છે. આ વર્ષે આર્ટસ, કોમર્સ, ઉત્તર બુનિયાદી સહિત ત્રણેય સ્ટ્રીમમાં કુલ મળીને ૪૧૪૮૫૨ વિદ્યાર્થીઓમાંથી ૩૬૩૨૮૭ વિદ્યાર્થીઓ પાસ થયા છે. આ ઉપરાંત પ્રથમવાર રાજ્યમાં ૫૬૦૦થી વધુ વિદ્યાર્થીઓને એ-૧ ગ્રેડ મળ્યો છે. આ વર્ષે પણ છોકરીઓ છોકરાઓ કરતાં આગળ રહેતાં નિયમિત કેટેગરીમાં છોકરીઓનું પરિણામ ૪.૫ ટકા વધારે છે.

### નિયમિત વિદ્યાર્થીઓનું પ્રવાહ મુજબ પરિણામ

| ગ્રૂપ | વિદ્યાર્થીઓ | | વિદ્યાર્થિનીઓ | |
|---|---|---|---|---|
| | હાજર | પાસ | હાજર | પાસ |
| સામાન્ય પ્રવાહ | ૧૭૪૧૧૬ | ૧૫૮૦૩૯ | ૧૮૫૦૫૭ | ૧૭૬૨૨૮ |
| વ્યવસાયલક્ષી પ્રવાહ | ૧૬૩ | ૧૪૫ | ૨૮૩ | ૨૬૦ |
| ઉ.બુ. | ૧૪૫૨ | ૧૪૩૫ | ૧૪૩૫ | ૧૩૭૯ |
| કુલ | ૧૭૫૭૩૧ | ૧૫૯૫૨૦ | ૧૮૬૭૭૫ | ૧૭૭૮૬૭ |

## ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું વિગતવાર પરિણામ

### વિદ્યાર્થિનીઓ

| | હાજર | પાસ | ૨૦૨૫ | ૨૦૨૪ |
|---|---|---|---|---|
| નિયમિત | ૧૮૬૭૭૫ | ૧૭૭૮૬૭ | ૯૫.૨૩ | ૯૪.૩૬% |
| રિપીટર | ૬૯૬૮ | ૩૪૩૬ | ૪૯.૩૧ | ૫૩.૨૦% |
| ખાનગી નિયમિત | ૧૦૭૭૩ | ૬૯૧૯ | ૬૪.૨૩ | ૬૪.૫૧% |
| ખાનગી રિપીટર | ૨૫૫૧ | ૧૨૪૯ | ૪૭.૯૬ | ૫૭.૮૪% |
| કુલ | ૨૦૭૦૬૭ | ૧૮૯૪૭૧ | ૯૧.૫૦ | ૮૮.૨૮% |

### વિદ્યાર્થીઓ

| | હાજર | પાસ | ૨૦૨૫ | ૨૦૨૪ |
|---|---|---|---|---|
| નિયમિત | ૧૭૫૭૩૧ | ૧૫૯૫૨૦ | ૯૦.૭૮ | ૮૯.૫૪% |
| રિપીટર | ૧૪૬૦૩ | ૬૩૪૯ | ૪૩.૪૮ | ૪૭.૩૪% |
| ખાનગી નિયમિત | ૧૨૧૨૪ | ૫૮૨૭ | ૪૮.૦૬ | ૪૬.૫૧% |
| ખાનગી રિપીટર | ૫૩૨૭ | ૨૧૨૦ | ૩૯.૮૦ | ૪૬.૦૦% |
| કુલ | ૨૦૭૭૮૫ | ૧૭૩૮૧૬ | ૮૩.૬૬ | ૭૯.૦૪% |

૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ ૧૬૦૯ થી વધીને ૨૦૦૫ થઈ છે. પરંતુ ૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાઓ વધીને ૨૧ થઈ છે. આ વર્ષે સૌથી વધુ ૧૦૦ ટકા પરિણામ ધરાવતા કેન્દ્રો સંખેડા, ધાગંધ્રા, ચંદ્રાલા, છાલા, લીમ્બોદ્રા અને મીઠાપુર સહિતના છે. જ્યારે સૌથી ઓછું ૫૨.૫૬ ટકા પરિણામ ખાવડા કેન્દ્રનું છે. જિલ્લા મુજબ સૌથી વધુ ૯૭.૨૦ ટકા બનાસકાંઠાનું અને સૌથી ઓછું ૮૭.૭૭ ટકા વડોદરાનું છે.

**ધોરણ-૧૦નું પ્રથમવાર સૌથી વધુ ૭૭.૧૨ ટકા પરિણામ :**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધોરણ-૧૦નું પરિણામ રેકોર્ડ બ્રેક રહ્યું છે. આ વર્ષનું પરિણામ ૭૭.૧૨ ટકા રહ્યું છે. ગયા વર્ષે નિયમિત, રિપીટર અને ખાનગી સહિતની તમામ કેટેગરીમાં કુલ મળીને ૬૬૧૨૫૨ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. જ્યારે આ વર્ષે ૬૫૦૯૩૨ વિદ્યાર્થી પાસ થતાં, ગયા વર્ષ કરતાં ૧૦૩૨૦ વિદ્યાર્થી ઓછા પાસ થયા છે. આ વર્ષે ૨૮ હજારથી

વધુ વિદ્યાર્થીઓ એ-૧ ગ્રેડમાં આવ્યા છે. ચાલુ વર્ષના નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૮૩.૦૮ ટકા રહ્યું છે. જે ગયા વર્ષ કરતાં ૦.૫૨ ટકા જ વધ્યું છે.

**આ વર્ષનું ઓવરઓલ પરિણામ**

| કેટેગરી | હાજર | પાસ | ૨૦૨૫ | ૨૦૨૪ |
|---|---|---|---|---|
| નિયમિત | ૭૪૬૮૯૨ | ૬૨૦૫૩૨ | ૮૩.૦૮ | ૮૨.૫૬ |
| રિપીટર | ૭૮૬૧૩ | ૨૫૩૫૭ | ૩૨.૨૬ | ૪૯.૦૬ |
| ખાનગી - નવા | ૧૪૫૪૦ | ૩૯૨૨ | ૨૬.૯૭ | ૨૮.૦૨ |
| ખાનગી - રિપીટર | ૪૦૧૩ | ૧૧૨૧ | ૨૭.૯૩ | ૩૭.૯૩ |
| કુલ | ૮૪૪૦૫૮ | ૬૫૦૯૩૨ | ૭૭.૧૨ | ૭૫.૪૬ |

**ધોરણ-૧૦નું કેટેગરી પ્રમાણે પરિણામ**

**છોકરાઓનું પરિણામ**

| કેટેગરી | હાજર | પાસ | ૨૦૨૫ | ૨૦૨૪ |
|---|---|---|---|---|
| નિયમિત | ૪૦૪૭૧૯ | ૩૨૨૦૧૩ | ૭૯.૫૬ | ૭૯.૧૨ |
| રિપીટર | ૫૪૪૬૩ | ૧૬૪૭૩ | ૩૦.૨૫ | ૪૭.૨૪ |
| ખાનગી | ૧૧૧૯૭ | ૨૫૬૫ | ૨૨.૯૧ | ૨૬.૩૭ |
| કુલ | ૪૭૦૩૭૯ | ૩૪૧૦૫૧ | ૭૨.૫૦ | ૭૧.૩૩ |

**છોકરીઓનું પરિણામ**

| કેટેગરી | હાજર | પાસ | ૨૦૨૫ | ૨૦૨૪ |
|---|---|---|---|---|
| નિયમિત | ૩૪૨૧૭૩ | ૨૯૮૫૧૯ | ૮૭.૨૪ | ૮૬.૬૯ |
| રિપીટર | ૨૪૧૫૦ | ૮૮૮૪ | ૩૬.૭૯ | ૫૨.૬૩ |
| ખાનગી | ૭૩૫૬ | ૨૪૭૮ | ૩૩.૬૯ | ૩૬.૧૯ |
| કુલ | ૩૭૩૬૭૯ | ૩૦૯૮૮૧ | ૮૨.૯૨ | ૮૦.૮૮ |

**વિષયની સંખ્યા મુજબ કેટલા નાપાસ**

| વિષય | નાપાસ |
|---|---|
| એક | ૪૫૪૩૩ |
| બે | ૫૬૭૨૧ |
| ત્રણ | ૩૫૦૦૫ |

| વિષય | નાપાસ |
|---|---|
| ચાર | ૨૩૪૮૯ |
| પાંચ | ૧૭૭૧૬ |
| છ | ૧૪૭૬૦ |

**ધોરણ-૧૦ના પરિણામમાં અગત્યનું**

- ધોરણ-૧૦નું અત્યાર સુધીનું સૌથી વધુ પરિણામ
- ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓ ૧૩૮૯થી વધીને ૧૫૭૪ થઈ.
- ૩૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાઓ ૨૬૪થી ઘટીને ૨૦૧ થઈ.
- ઝીરો ટકા પરિણામ ધરાવતી શાળાઓ ૭૦થી ઘટીને ૪૫ થઈ.
- આ વર્ષે ૧૦૩૨૦ વિદ્યાર્થીઓ ઓછા પાસ થયા.
- પ્રથમવાર ૨૮ હજારથી વધુ વિદ્યાર્થીને એ-૧ ગ્રેડ મળ્યો.
- છોકરાઓ કરતાં છોકરીઓનું પરિણામ ૧૦ ટકા વધુ આવ્યું.
- રિપીટરમાં ૫૩ હજારથી વધુ નાપાસ થયા.
- ગણિત-વિજ્ઞાનમાં જ બે લાખથી વધુ નાપાસ
- રાજ્યના તમામ જિલ્લાનું પરિણામ ૩૨ ટકાથી વધુ જે ગયા વર્ષે ૩૪ ટકાથી વધુ હતું.
- પ્રથમવાર એ-૧ ગ્રેડમાં ઝીરો વિદ્યાર્થી હોય તેવો એક પણ જિલ્લો નથી.

**ટૂંકાવીને...**

- ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં A-ગ્રૂપમાં ૧૪૫૭ વિદ્યાર્થીઓ ઓછા પાસ થયાં.
- A-ગ્રૂપનું પરિણામ ૧.૭૯ ટકા વધ્યું. આથી એન્જિનિયરિંગ માટે ૩૧૫૦૦ વિદ્યાર્થી લાયક બન્યા.
- B-ગ્રૂપનું પરિણામ માત્ર ૦.૪૦ ટકા વધ્યું. પાસ થનારામાં ગયા વર્ષ કરતાં ૬૧૮૨ વિદ્યાર્થી ઘટ્યા.
- ગુજકેટમાં ૧૨૭૯ વિદ્યાર્થીને ૯૯ થી વધુ પર્સન્ટાઈલ
- કેમેસ્ટ્રીમાં સૌથી વધુ ૧૬૨૨૫ વિદ્યાર્થી નાપાસ થયા.
- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં ગુજરાતી માધ્યમમાં ૨૩ હજારથી વધુ વિદ્યાર્થી નાપાસ થયા.
- આ વર્ષના પરિણામમાં ફરીવાર છોકરીઓ આગળ રહી.
- એક વર્ષમાં ૧૫ હજાર વિદ્યાર્થીઓ નાપાસ થયા. આ તમામ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી શકશે.

---

❀ ❀ ❀

વિશ્વ આત્મરૂપ છે એટલું જ નહીં પણ આત્મા વિશ્વરૂપ છે. એમ કવિને દેખાવું જોઈએ. પૂર્ણિમાના ચંદ્રના દર્શનથી તો તેવા હ્રદયસમુદ્રમાં ભરતી આવવી જ જોઈએ. પણ પૂર્ણિમા ન હોય ત્યારે તેના હ્રદયને ઓટ ન લાગવી જોઈએ. અમાસના ગાઢ અંધકારમાં આકાશ વાદળોથી ઘેરાયેલું હોય ત્યારે પણ ચંદ્રદર્શનનો આનંદ તેને થવો જોઈએ. જેનો આનંદ બહારની દુનિયા સાથે સંકળાયેલો છે તે કવિ નથી. કવિ આત્મનિષ્ઠ હોય; કવિ સ્વયંભૂ હોય. પામર દુનિયા વિષય સુખમાં રાચે છે; કવિ આત્માનંદમાં ડોલે છે. લોકોને ભોજનનો આનંદ; કવિને આનંદનું ભોજન. કવિ સંયમનો પણ સંયમ છે અને તેથી જ સ્વતંત્રતાની સ્વતંત્રતા છે. ટેનિસને વહેતા ઝરણામાં આત્માનું અમરત્વ જોયું, કારણ અમરત્વનું ઝરણું તેને પોતાના આત્મામાં દેખાતું હતું. કવિ વિશ્વસમ્રાટ હોય છે; કારણ તે હ્રદયસમ્રાટ હોય છે.

- વિનોબા ભાવે

❀ ❀ ❀

## શિક્ષકની તર્કશક્તિ અને ત્વરિત નિર્ણયશક્તિમાં સતત વધારો થાય તેવા હેતુસર શૈક્ષણિક શિબિરમાં શિક્ષણના જુદા-જુદા વિષયો પર રાખેલ ચિઠ્ઠી ચર્ચાની લાક્ષણિક તસ્વીરો












વયમર્યાદાના કારણે નિવૃત્ત થતા સરસ્વતી પરિવારના શિક્ષકો શ્રી શોભનાબેન પટેલ (જે. એન. બાલિકા), શ્રી ચેતનભાઈ ડૉક્ટર (અસારવા વિદ્યાલય), કારકૂન શ્રી કમલેશભાઈ દવે (અસારવા વિદ્યાલય) તથા બાળવિહારના સેવક બહેનો શ્રી ઈન્દીરાબહેન પટેલ, શ્રી રિંકુબેન ભાવસાર અને શ્રી વીણાબેન ભાવસારનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ નિવૃત્ત જીવનની શુભેચ્છા વિદ્યામંડળના મંત્રીશ્રી જ્યોતીન્દ્રભાઈ દવે તથા સાથી શિક્ષકમિત્રોએ પાઠવી હતી.



ઘરશાળા
જૂન-૨૦૨૫

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024 (Applied for Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ.૨૦૦/-



## હું તો પૂછું

હું તો પૂછું કે મોરલાની પીંછીમાં રંગરંગવાળી
આ ટીલડી કોણે જડી?
વળી પૂછું કે મીંદડીની માંજરી શી આંખમાં
ચકચકતી કીકીઓ કોણે મઢી?
હું તો પૂછું કે આંબલાની ટોચે જ્યાં હાથ ના પો'ચે
ત્યાં કૂંપળો કોણે કરી?
વળી પૂછું કે ગાવડીના પેટે આ દૂધકેરી ધોળી
મીઠી ધાર કોણે કરી?
હું તો પૂછું કે ચાંદાની થાળીમાં બકરીને ડોસીની
ઝૂંપડી કોણે મઢી?
વળી પૂછું કે આભની હથેળીમાં સૂરજની ભમતી
ભમરડી કોણે કરી?
હું તો પૂછું કે પોપચે મઢેલી આ દશ દિશ દેખંતી
આંખ મારી કોણે કરી?
વળી પૂછું કે નવલખ તારે મઢેલી આ
આભલાની ચૂંદડી કોણે કરી?

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું